ઑક્ટોબર ૨૦૨૬

# દાદાવાણી

છૂટક પ્રતના ₹ ૨૦




હવે ખરો બુદ્ધિશાળી કોનું નામ કહેવાય ? જે કકળાટ બંધ કરી દે.
કકળાટ ઊભા થવાની જગ્યાએ કકળાટ બંધ કરતો જાય.
બુદ્ધિ તો કોનું નામ કહેવાય કે એક મતભેદ ના પડવા દે.

અડાલજ : ગુરુ પૂર્ણિમા દર્શન : તા.૧૭ ઓગસ્ટ થી ૬ સપ્ટેમ્બર ૨૦૨૬ દરમ્યાન



અડાલજ : જ્ઞાનવિધિ : તા.૨૩ ઓગસ્ટ ૨૦૨૬



વારાણસી : સત્સંગ - જ્ઞાનવિધિ : તા.૨૯ થી ૩૧ ઓગસ્ટ ૨૦૨૬



વર્ષ : ૩૨, અંક : ૨
સળંગ અંક : ૩૭૪
**ઓક્ટોબર ૨૦૨૬**
પાનાં : ૨૮

**Editor : Dimple Mehta**
© 2026
Dada Bhagwan Foundation.
All Rights Reserved.
**Printed by & Published by**
**Dimple Mehta on behalf of**
**Mahavideh Foundation**
Simandhar City, Adalaj,
Dist.-Gandhinagar - 382421

**Owned by & Published at**
**Mahavideh Foundation**
Simandhar City, Adalaj,
Dist.-Gandhinagar - 382421

**Printed at**
**Amba Multiprint**
Opp. H B Kapadiya New High School, At- Chhatral, Tal: Kalol, Dist. Gandhinagar–382729.

**સંપર્ક સૂત્ર :**
**અડાલજ ત્રિમંદિર**, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો.: અડાલજ-૩૮૨૪૨૧
જિ. ગાંધીનગર, ગુજરાત.
**ફોન :** 9328661166-77
email:dadavani@dadabhagwan.org
www.dadabhagwan.org
**દાદાવાણી અંગે ફરિયાદ માટે**
ફોન / વોટ્સએપ : 8155007500

**લવાજમ (ગુજરાતી)**
**૩ વર્ષ**
**ભારત :** ૭૦૦ રૂપિયા
**વાર્ષિક સભ્ય**
**ભારત :** ૨૪૦ રૂપિયા
**D.D. / M.O.** 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.

# દાદાવાણી

## અક્કલવાળો તો કોને કહેવાય ?

### સંપાદકીય

જીવની ઉત્ક્રાંતિમાં મનુષ્યને સર્વોતમ બુદ્ધિશાળી અને અક્કલવાળો જીવ માનવામાં આવે છે. જેનો ઉપયોગ એ આધુનિક ક્ષેત્રે વિજ્ઞાન, ટેકનોલોજી, સમાજ વ્યવસ્થા, ધન સંપાદન, પ્રતિષ્ઠા મેળવવા વગેરે ભૌતિકની પ્રગતિમાં કરે છે. મનુષ્યની બુદ્ધિએ એક બાજુ ભૌતિક સુખના સાધનો તો આપ્યા પણ સાથે બીજી બાજુ આંતરિક શાંતિ ગુમાવીને ચિંતા, અસંતોષ, દુઃખ અનુભવી રહ્યા છીએ.

પરમ પૂજ્ય દાદાશ્રી કહે છે કે જગતમાં મનુષ્ય સિવાય અન્ય કોઈ જીવ દુઃખી નથી. કારણ કે મનુષ્ય પોતાની બુદ્ધિ-અક્કલ વાપરી 'એબોવ નોર્મલ' વિચારો કરી ચિંતામાં પોતાના હિતાહિતનું ભાન ભૂલી, બીજાની નકલ કરી રેસકોર્સમાં દોડી દોડીને દુઃખી થાય છે. જે અક્કલ દુઃખ લાવે, એ અક્કલને અક્કલ જ કેમ કહેવાય ? ખરો અક્કલવાળો તો કોને કહેવાય કે જે સાચી સમજણ અને જ્ઞાનથી ઉપાધિને ઘટાડે. પ્રાપ્તને ભોગવી અને અપ્રાપ્તની ચિંતા ના કરી, દુઃખને વિદાય કરી નિરંતર સેફસાઈડ રાખે.

જગતના લોકોએ ધંધો જ અહંકારનો માંડ્યો છે. મારી બુદ્ધિ વધારે, હું કંઈક છું, હું વધારે અક્કલવાળો, એનાથી આત્મઘાત થયો છે. ખરો અક્કલવાળો કે બુદ્ધિશાળી તો કોણ કહેવાય ? ક્લેશ-કકળાટ ઊભા થવાની જગ્યાએ કોમનસેન્સ વાપરી મતભેદ ટાળી 'એડજસ્ટ એવરીવ્હેર'ના સિદ્ધાંતને સમજીને વ્યવહાર પૂરા કરે. બુદ્ધિ એ આજનો અનુભવ છે, જ્યારે વધારે સૂઝ પડે તે અક્કલવાળા કહેવાય, એ કુદરતી બક્ષિસ છે ! પણ અક્કલ વધી જાય તો દિમાગ ઠેકાણે ના રહે, બુદ્ધુ થઈ જાય. માટે બુદ્ધિને કાપી ઓવરવાઈઝ (દોઢ ડાહ્યા) નહીં પણ વાઈઝ (ડાહ્યા) થવાની જરૂર છે.

ઘણીવાર આપણને થાય કે આપણે અક્કલ કે બુદ્ધિ નહીં વાપરીએ તો લોકો આપણને છેતરી જશે. એવું અક્કલનું યુદ્ધ ચાલે ત્યારે પરમ પૂજ્ય દાદાશ્રી કહે છે કે અમે આ અક્કલના યુદ્ધમાં ના પડીએ. કોઈ છેતરી જાય ત્યારે હું ધનભાગ માનું. કારણ કે હું રિલેટિવમાં છેતરાઈશ તો મારા રિયલના રસ્તે જવાશે. એને જ અસલ અક્કલવાળો કહેવાય છે. અમારી અક્કલ ભૌતિકમાં નહીં, અધ્યાત્મમાં પહોંચે. અમે અબુધ છીએ. બુદ્ધિ હશે ત્યાં સુધી પૂરું સમાધાન નહીં થાય. કેટલાય અવતારોથી ખોળતા હતા એ જ્ઞાનપ્રકાશનું અજવાળું આ ભવે થયું, તેથી સંપૂર્ણ સમાધાન સાથે અસીમ આનંદ પ્રાપ્ત થયો.

અક્રમ વિજ્ઞાન સ્વયં ક્રિયાકારી છે. જ્ઞાન મળ્યા પછી પોતાની અક્કલ વાપરવાની જરૂર નથી. આપણે બુદ્ધિનું પાંચ વર્ષ ના માનીએ તો એ જતી રહે. વ્યવહારમાં બુદ્ધિ વાપરવાથી જ્ઞાનમાં ડખલ થાય છે. હવે મોક્ષમાર્ગે પાંચ આજ્ઞા પાળી વ્યવહારમાં ઊભી થતી ડિસ્ચાર્જ બુદ્ધિનો નિકાલ કરી વીતરાગતા કેળવીએ એ જ ભાવના.

**જય સચ્ચિદાનંદ.**

# અક્કલવાળો તો કોને કહેવાય ?

## (સૂત્ર - ૧)

**ના ગમતા ને ગમતા (વિચારો,) એ કોણે નામ પાડ્યા ? આ અક્કલે નામ પાડ્યા. અલ્યા, અક્કલ એના વિચાર કરી કરીને બધું ઊંધે રસ્તે લઈ જાય છે.**

**પ્રશ્નકર્તા :** ના ગમતા વિચારોને અટકાવવા શું કરવું ?

**દાદાશ્રી :** અટકાવવાના નહીં. ના ગમતા વિચારો તો એની મેળે આવે, ત્યારે આનંદમાં રહેવું આપણે.

**પ્રશ્નકર્તા :** પણ આપણને ત્યારે કંટાળો આવે ને ?

**દાદાશ્રી :** કંટાળો શાથી આપણને આવે ? ના ગમતા ને ગમતા, એ કોણે નામ પાડ્યા ? આ અક્કલે નામ પાડ્યા. તે અક્કલનો કોથળો હોય, પણ જો વેચવા જઈએ ને તો ચાર આનાય ના આવે. કોઈ લે નહીં. કારણ કે બધા અક્કલના કોથળા, તે કોણ લે ? પહેલા કહેતા હતા કે અક્કલના બારદાન આવ્યા છે !

'આ ના ગમતો વિચાર ને આ ગમતો વિચાર', કહેશે. પણ તમને જે ના ગમતો વિચાર છે તે આને ગમતો વિચાર હોય. આ વિચારો સારા-ખોટા છે ને, એ તમારી સાપેક્ષતા છે. એ તમને જે વિચાર ખરાબ લાગે છે, એ બીજાને સારા લાગે છે. બોલો હવે, એને સારો કહેવો કે ખોટો કહેવો ? તમને કેમ લાગે છે ? વિચાર તો ખરાબ કે સારા નથી, આ તો આપણે ભેદ પાડીએ છીએ. ગમે તે જાતના વિચાર આવે, મરણના હઉ આવે. આપણું મરણ થયું, એ દેખાડે હઉ પાછું. એવોય વિચાર આવે કે 'વખતે એક્સિડન્ટ થશે તો ?' ત્યારે કહે, 'ભઈ, અમે નોંધ કરી, નોટેડ.' પછી પાછો બીજો વિચાર આવે, 'સત્સંગમાં જઈએ.' એને એવું કશુંય નથી કે આ વિચાર જ આવે. બધી જાતના વિચારો આવે. એ બધું ડિસ્ચાર્જ થાય છે. ડિસ્ચાર્જને આપણે જોયા કરવાનું, એની પછી ભાંજગડ નહીં કરવાની. કોઈના તાબામાં નથી વાત બધી.

ના ગમતા વિચાર આવે છે ત્યારે એટલો વખત એ છૂટો રહે છે. જ્યારે ગમતામાં તું ફસાઈ જઈશ. તો એ ગમતું આવે ને, એટલે તન્મયાકાર થાય.

આપણા લોકો તો મહીં મૂંઝાયા કરે. 'મને ખરાબ વિચાર આવે છે.' અરે, છોને આવે, એ તો વિચાર જતા રહે છે ને ! એ તારું ન હોય. અન્વય સંબંધ ન હોય તારો એની સાથે.

આ વિચારો આવ્યા કરે. એ વિચારો જ્ઞેય છે ને આપણે જ્ઞાતા છીએ. એ જ્ઞેય-જ્ઞાતાનો સંબંધ રાખવો જોઈએ, ચૂકવું ના જોઈએ. 'આપણે' કોણ છીએ, એનું લક્ષ રાખવું પડે. એમાં કશું કરવાનું હોતું નથી ને !

## (સૂત્ર - ૨)

**કોઈ પણ જગ્યાએ સેફસાઈડ તોડે, એને અક્કલ જ કેમ કહેવાય ? અક્કલ એનું નામ કે નિરંતર સેફસાઈડ રાખે.**

જુઓ ને, વિચાર કેટલે સુધી કરી નાખે ! દુકાન એક બાર મહિના ના ચાલી હોય તો દુકાનમાં નાદારી થઈ જશે. અને નાદારી પછી આવી થશે ને, ત્યાર પછી મારી સ્થિતિ આવી થશે. ત્યાં સુધી વિચારી નાખે આ લોકો ! ક્યાં સુધી વિચારી નાખે ? તે એક માણસ મને કહે છે, 'વિચાર કર્યા વગર ચાલતું હશે ? વિચાર કર્યા વગર દુનિયા શી રીતે ચાલે ?' ત્યારે મેં કહ્યું, 'તું આ ડ્રાઈવરની જોડેની સીટમાં બેસે, બૉમ્બે

સીટીમાં અને ડ્રાઈવરને કહે કે તું શું શું વિચાર કરું છું ? હવે આમ આમ જઈશ, આમ કરીશ, તેમ કરીશ, એવા વિચાર કરું છું ? શું કરે એ ?' એવા કોઈ વિચાર ન કરે. એટલે દરેક માણસે અમુક હદ સુધીનો વિચાર કરવો. પછી પોતાનો વિચાર બંધ કરી દેવો, સ્ટોપ જ કરી દેવો જોઈએ, દરેક બાબતમાં. તે આપણે આ મરી જવાની વાત હોય તો આપણે તરત સ્ટોપ કરી દઈએ છીએ, પણ આમાં વેપારમાં નથી કરી દેતા. તમને કેમ લાગે છે ?

**પ્રશ્નકર્તા :** બરોબર છે, વિચારની પણ અમુક હદ હોય.

**દાદાશ્રી :** સ્ટોપ કરતા આવડે છે, નથી આવડતું એવું નહીં. આ તો રમણતા કરે છે ! અક્કલની કોથળી ચલાવે છે ! છોકરો આજથી (મારી સાથે) લડે છે તો 'હું ઘૈડો થઉં ત્યારે, મારું કોણ ?' 'અલ્યા મૂઆ ! આવું અહીં સુધી વિચારી નાખ્યું !' આજના દહાડાનું જ, આવતી કાલનું વિચારવાનું ના કહ્યું છે ભગવાને. થિંક ફૉર ટુડે, નૉટ ફૉર ટુમૉરો ! (આજ માટે વિચારો, આવતી કાલ માટે નહીં.) અને તે અમુક બાબતમાં. ગાડીમાં બેઠો હોય, પછી અથડાશે તો શું થઈ જશે ? અથડાશે તો શું થઈ જશે ? છોડો ને, એ વિચાર બંધ કરી દેવાનો. આ તો એવા વિચાર કરે છે કે ઠેઠ દુકાનમાં નાદારીની નાદારી આવી ગઈ, ત્યાર પછી શું સ્થિતિ ને ત્યાર પછી શું સ્થિતિ ? શુક્કરવારીમાં ભીખ માંગવી પડશે. એય પાછો બૈરીને કહે, 'ભીખ માંગવી પડશે.' 'મૂઆ, કંઈથી જોઈ આવ્યો ?' 'આ મેં વિચારી નાખ્યું,' કહે.

આ તો બધું અક્કલવાળાનું ! લાયસન્સ બધું અક્કલવાળું સ્તો ! હવે આ અક્કલનો કોથળો ! હવે આને અક્કલખોર (કેવી રીતે) કહેવા ? અક્કલ એનું નામ કે નિરંતર સેફસાઈડ રાખે. કોઈ પણ જગ્યાએ સેફસાઈડ તોડે, એને અક્કલ જ કેમ કહેવાય ? અને અક્કલ તો સેફસાઈડને સાચવી લે ત્યાં સુધી કરી શકે એમ છે, (એ) હું જાણું છું પોતે.

**પ્રશ્નકર્તા :** અમુક હદ સુધીના જ વિચાર કરવા જોઈએ.

**દાદાશ્રી :** વિચારપૂર્વક કરીને પછી બંધ. આ તો વસ્તુ એટલી બધી ધોઈ નાખે છે, એટલી બધી ધોઈ નાખે છે અને પછી આવું વિચારવું ને પછી છોકરાં જોડે એવી દૃષ્ટિથી જુએ. આજથી જ આવું કરે છે, તો ઘૈડા થશું ત્યારે શું ચાકરી કરશે ? એવું જે આપણે વિચારીએ ને, અને છોકરો જુએ તો મનમાં આપણી આંખ વાંચી લે કે મારે માટે ખરાબ વિચારો છો. એટલે પછી એની દૃષ્ટિય બદલાય. એમ કરતાં કરતાં... આ ઝઘડા બધા એના જ છે. વિચારોની ડખલથી આ સંસાર ઊભો રહ્યો છે. એટલે એટલું વિચારવાનું સમજે માણસ તો બહુ થઈ ગયું, ઘણા દુઃખો ઓછા થઈ જાય.

અને ભગવાન શું કહે છે કે પૂર્વગ્રહના સેવનથી તારું મરણ છે, પ્રિજ્યુડિસથી તારું મરણ છે. આ નેગેટિવે તો મારી નાખ્યા છે લોકોને. નેગેટિવ વલણથી જ મરી ગયા છે લોકો.

## (સૂત્ર - ૩)

**જે અક્કલ દુઃખ લાવે, એ અક્કલને અક્કલ કહેવાય કેમ કરીને ? હોય તે દુઃખને વિદાય કરી આપે એનું નામ અક્કલ કહેવાય.**

કો'કને પક્ષાઘાત થયેલો દેખે એટલે એનેય વિચાર આવે, કે 'સાલું, મને પક્ષઘાત થાય તો શું થાય ?' હવે અક્કલવાળાને વિચાર કરવાની જરૂર છે ? અક્કલવાળો જ વિચાર કરે ને આ ! આવી અક્કલ શું કામની તે ? આ તો દુઃખ ને દુઃખ જ. મને કંઈ પક્ષાઘાત થઈ જાય તો મારું શું થાય ? મારું કોણ ? આ છોકરો તો બોલતો નથી, એકનો એક છે તે ! બધું ચીતરી નાખે.

મનેય પક્ષઘાત થઈ જશે તો, એવી અક્કલ વાપરે. અક્કલ વાપરે તેમ તેમ સરસ મઝા આવે અંદર, નહીં ? અને તે અક્કલ ના વપરાતી હોય તો વાંધો નહીં ! એટલે પછી ઊંઘ ના આવે બિચારા ને ! અલ્યા, થયું નથી ત્યારે મૂઆ શું કરવા એવું વિચારે છે ? એનું નામ અગ્રશોચ. અગ્રશોચ એટલે શું ? થયું નથી તેને આ ચીતરવું છે. ભવિષ્યમાં શું થશે એને જ ખોળ ખોળ કરે, સાધુ-સંન્યાસીઓ, આચાર્યો બધા. ભવિષ્યમાં શું થશે, એના માટે જ આખો પુરુષાર્થ ઊડી જાય છે. ત્યાં જ ગૂંચાયા કરે છે. અહીં ખાવા-પીવાનું ખાતો નથી. ત્યાં ભવિષ્યમાં મૂઓ હોય ! મેલ ને, અત્યારે ત્યાં શું કરે છે ?

**પ્રશ્નકર્તા :** 'શું થશે' એનો જે વિચાર છે એ જ દુ:ખ છે. બાકી દુ:ખ ક્યાં છે ?

**દાદાશ્રી :** દુ:ખ નથી, તેથી જ તો અમે 'વ્યવસ્થિત' કહ્યું. તે તમે એ દુ:ખમાંથી મુક્ત થઈ બેઠા છો, એટલે જ નિરાંત થઈ ગઈ છે ને ! તેથી આપણા મહાત્માઓ લહેરથી બેસે છે બધા, જુઓ ને ! એમને સમજણ પાડી કે 'વ્યવસ્થિત' છે, એટલે ડખલેય નથી. તમે 'વ્યવસ્થિત' સમજ્યા અને અનુભવમાં આવી ગયું કે ખરેખર 'વ્યવસ્થિત' જ છે. એટલે દુ:ખ રહ્યું કશુંય ? વ્યવસ્થિત શક્તિને લીધે તમને બધાને શાંતિ, એને લીધે તો બધે શાંતિ છે. વ્યવસ્થિત ના હોય તો તો ઊંઘેય ના આવે ને ! ટેન્શન, ટેન્શન ! એ જ હું ખોળતો'તો પહેલા. કંઈક એવું જ્ઞાન હોવું જોઈએ કે જે લોકોને બધાને શાંતિ રહે. તમારે અહંકાર અને મમતા બેઉ ઊડી ગયા, અને તો જ ચિંતા વગર જીવન જીવી શકે માણસ !

## (સૂત્ર - ૪)

**અક્કલનો કોથળો તે કોને કહેવાય ? મહીં ભર્યો છે કમઅક્કલથી અને ઉપર લખ્યું છે અક્કલ, માલ કાઢીએ ત્યારે બધું કમઅક્કલ નીકળે. નહીં તો દુનિયામાં મનુષ્યને દુ:ખ તો હોતું હશે ?**

ખરેખર તો આ દુનિયામાં ક્લેશ જેવી વસ્તુ જ ક્યાં છે ? ક્લેશ એટલે અણસમજણ. જ્યાં જ્યાં સમજણ નથી ત્યાં ક્લેશ છે અને જ્યાં જ્યાં સમજણ નથી ત્યાં દુ:ખ છે. આ દુ:ખેય વસ્તુ છે જ નહીં, દુ:ખ એ તો સમજણના અભાવનું દુ:ખ છે.

દુ:ખ એ બધું અણસમજણનું પરિણામ છે. પોતે મનમાં એમ માને, કે 'મેં આ જાણ્યું, આ જાણ્યું.' અલ્યા, શું શકોરું જાણ્યું તે ? જાણ્યું છતાંય વહુ જોડે તો વઢવાડ મટતી નથી. કોઈ દહાડો વહુ જોડે વઢવાડ થાય છે, તેનો નિકાલ કરતાય તને આવડતું નથી. જેને વહુ જોડે વઢવાડ થયેલી નિકાલ કરતા ના આવડે, ત્યાં સુધી એ ધર્મમાંય શું સમજવાનો છે ? વઢવાડનો નિકાલ કરતા તો આવડવું જોઈએ ને ?

આવા મોટા મોટા જજો હોય છે તે સાત વર્ષની સજા મારે (આપે) છે ને પાછા એ જજ મને ભેગા થયેલા, તે ઘેર એને એની વહુ જોડે ભાંજગડ પડી હોય તે કેસ હજી પેન્ડીંગ પડેલા હોય. મેં કહ્યું, કે 'એ કેસનો પહેલો ઉકેલ લાવો ને ! આ સરકારી કેસનો તો વાંધો નથી.' પણ આમાં શી રીતે ઉકેલ લાવે ? આની સમજણ જ નથી ને ! વહુ જોડે વઢવાડ થાય તો શી રીતે ઉકેલ લાવવો, તેની સમજણ નથી ને ! મનુષ્યમાં આનો નિકાલ કેમ કરવો એની સમજણ નથી, ત્યારે ટાઈમ એને નિકાલ કરી આપે છે. બાકી પોતાની જાતે, હમણે ને હમણે, તરત ને તરત એડજસ્ટ કરી લેવું, એવી સમજણ તો આ લોકોમાં નથી.

સમજણ તો એવી હોવી જોઈએ ને, કે આ ડખો થઈ ગયો એનો શો ઉકેલ આવે ? આવું કેમ હોવું જોઈએ ? આ જાનવરો બધાય સંસાર ચલાવી રહ્યા છે. શું એમને બૈરી-છોકરાં નથી ? એમનેય બૈરી છે, છોકરાં છે, બધું જ છે. ઈંડાંનું સેવન એવું

સુંદર કરે છે અને ઈંડાં મૂકતા પહેલા માળો તૈયાર કરે છે. આ શું સમજણ નથી એમનામાં ? અને આ સમજણના કોથળા ! અક્કલના કોથળા ! આમને ઈંડાં મૂકવાના હોય ત્યારે દવાખાના ખોળ ખોળ કરે. અલ્યા, માળો બાંધ ને ! પણ આ અક્કલના કોથળા દવાખાના ખોળે અને જાનવર બિચારા ઈંડાં મૂકતા પહેલા જાણી જાય કે આપણે ઈંડાં મૂકવાના છે, માટે આપણે માળો રચો. ઈંડાંમાંથી બચ્ચા થાય છે, પછી માળો તોડી નાખે તો એમને વાંધો નથી, પણ એ ઈંડાંની તરત સમજણ પડી જાય છે. ત્યારે આ દુષમકાળના અક્કલના કોથળા થઈ પડ્યા છે ! અક્કલનો કોથળો તે કોને કહેવાય ? મહીં ભર્યો છે કમઅક્કલથી અને ઉપર લખ્યું છે અક્કલ, માલ કાઢીએ ત્યારે બધું કમઅક્કલ નીકળે. નહીં તો દુનિયામાં મનુષ્યને દુઃખ તો હોતું હશે ? જો જાનવરોને દુઃખ નથી, તો મનુષ્યને કેમ કરીને દુઃખ થાય ?

### (સૂત્ર - ૫)

**લોકો મફતને તો સોદા માની બેઠું છે અને પછી પોતાની જાતને અક્કલવાળા કહે છે. બહુ મોંઘામાં મોંઘી વસ્તુ આ દુનિયામાં કોઈ હોય તો તે મફત છે. માટે મફત કંઈ અડશો નહીં.**

જો તું મનુષ્ય થયો ને મનુષ્યમાં પણ દુઃખ મળે છે, તો તું મનુષ્ય જ કેમ કહેવાય ? તું તારી બાઉન્ડ્રી (હદ) સમજતો નથી, તારી લાયકાત શું છે એ સમજતો નથી ને લોકોના કહ્યા પ્રમાણે જોઈ જોઈને ચાલ ચાલ કરે છે અને સામસામી નકલો કરે છે. નકલ તો વાંદરા કરે. મનુષ્ય નકલ ના કરે, અસલ કરે. પોતાની સમજણથી અસલ કરે કે મારું ગજું કેટલું ? મારો પગાર ચારસો રૂપિયા મળે છે, ત્યારે પાડોશીનું ગજું કેટલું છે ? તો કહે, 'મહિને દશ હજાર કમાય છે.' એટલે આપણે એની વાતને અહીં પેસવા જ ના દઈએ.

આ તો પોતાના અહિતમાં ચાલે કે પાડોશી સોફો લાવ્યો એટલે ઘરમાં બઈ શું કહેશે, કે 'આપણે પણ સોફો લાવો.' અલ્યા, વહુ તો કહેશે કે સોફો લાવો, પણ વહુને પૂછીએ નહીં, કે 'તારે મારી નનામી કાઢવી છે કે શું ?' પણ વહુને સમજાવતા નથી આવડતું બિચારા ને, કે વહુને કેમ કરીને સમજાવવી ને પછી વહુને ફટવે છે. કારણ કે ધણી થતા જ આવડ્યું નહીં. એટલે વહુને પછી ફટવે છે અને એમના પોતાના મનને પણ આ લોકોએ ફટવ્યું છે. પોતે જ મનને ફટવે ને પછી કહેશે કે, 'મારું મન મને ગાંઠતું નથી.' આપણા મનને કોણ ફટવે છે ? આ તો એવું ભાન જ નથી કે આવું કરીશ તો મન ફટવી જશે કે સીધું ચાલશે ! આ તો શું કહેશે કે મફતિયું મળે છે ને, હેવમોરનો આઈસ્ક્રીમ મફત મળે છે ને ! હેંડો ! અલ્યા, મફત મળે છે, પણ આમાં તારું મન ફટવાઈ જાય છે. એ મફતનું જતું રહેશે, પછી તારી શી દશા થશે ? કેટલાક લોકો તો મફત મળે છે ને, તે બ્રાન્ડીને ચસકે ચડે છે. મફતિયામાં પહેલા ચડે ને પછી કટેવે ચડી જાય. એટલે પહેલા તો આપણા લોકોએ જાણવું કે મફતિયું આ જગતમાં કશું લેવા જેવું જ નથી.

મોંઘામાં મોંઘી, બહુ જ જોખમકારક આવી મોંઘી વસ્તુને આપણે ત્યાં પેસવા ના દેવાય. મફત એ તો બહુ મોટી જોખમદારી ! બધાને કહેતો ફરશે, કે 'આપણે કંઈ પૈસા-બૈસા ખર્ચ્યા નથી, એ તો મારા ભાઈબંધો જ ખર્ચે છે !' અલ્યા, તું મરી રહ્યો છે ! પણ એનું ભાન જ નથી ને ! આજ કોઈ પણ પ્રકારનું મનુષ્યોને ભાન રહ્યું નથી. મોક્ષનું ભાન ના રહ્યું તેનો તો વાંધો નથી. મોક્ષનું ભાન તો નથી હોતું, પહેલેથી જ નથી હોતું; પણ સંસારના હિતાહિતનું ભાન જોઈએ કે ના જોઈએ ? સંસારમાં મારું શી રીતે હિત થાય ને શી રીતે અહિત થાય, એટલું ભાન તો જોઈએ કે ના જોઈએ ?

## (સૂત્ર - ૬)

**અક્કલ તો કોનું નામ કહેવાય કે જેણે કોઈ દહાડો કોઈનીય નકલ ના કરી હોય તે.**

હિતાહિતનું ભાન તો દરેકને પોતાનું સ્વતંત્ર હોવું જ જોઈએ કે હું શું કરું તો સુખી અને શું કરું તો દુઃખી થવાય ? સ્વતંત્ર હિતાહિતનું ભાન નથી, તેથી નકલ કરવા જાય છે. અલ્યા, નકલ કોની કરાય ? અક્કલવાળાની. એકેય અક્કલવાળો તો દીઠો નથી, પછી કોની નકલ કરીશ ? કારણ કે જ્યાં સુધી નકલી ભાનમાં, 'હું ચંદુલાલ છું' એવા ભાનમાં છે, ત્યાં સુધી તું નકલી છે, અસલી નથી. અસલની નકલ થાય. નકલીની નકલ કરે શો દા'ડો વળે ? 'દરઅસલ' સમજાય ત્યારે કામ નીકળે.

આ નકલ કરી કરીને અક્કલવાળા થયેલા, એમાં શું ભલીવાર આવે ? નકલ કોઈની ના કરી હોય એનું નામ અક્કલ કહેવાય. આ તો બધું નકલ કરી કરીને શીખ્યા !

**પ્રશ્નકર્તા :** એ તો જ્ઞાની જ કહેવાય ને, નકલ કોઈની ના કરી હોય તો ?

**દાદાશ્રી :** ના, તો એ સ્થિતિ કંઈ સારી કહેવાય. મેં નકલ નથી કરી કોઈ દહાડોય, નાનપણથી નહીં. તમે જે કરતા હોય ને એમાં મને અવળું લાગે એટલે હું એ ના કરું, મારું જુદું કરું.

**પ્રશ્નકર્તા :** એ તો એવી સ્વતંત્રતા હોય તો જ આ સ્થિતિ થાય ને ?

**દાદાશ્રી :** હા. એ ગમે તે, મહીં કંઈ એવું જુદું કરે, ભેદ પાડ્યા વગર રહે નહીં. વાંકો ગુણ હતો મહીં કે અહીંથી આ રસ્તો આમ લઈ આવે ને તે આમ ફરીને જાય. હવે મારી ટેવ આમ, એટલે લોકોના ખેતરામાં રહીને હું સીધો જઉં પણ તે વાંક (વળાંક) નહીં ફરવાની ટેવ.

આ દુનિયામાં ખરા અક્કલવાળા તો થોડાક છે, બીજા તો નકલી છે. બીજા નકલી અક્કલવાળા છે. કેવા છે ?

**પ્રશ્નકર્તા :** નકલી.

**દાદાશ્રી :** અને મારી તો દરઅસલ અક્કલ હતી. નવી જ શોધખોળ હોય મારી તો ! જ્ઞાન એક જ અસલી હોય, બાકી બધું જ નકલી. જિંદગીમાં કોઈનીય નકલ કરાય જ નહીં. બાકી અત્યારે તો સૂવે તેય નકલ, હેંડે છે, ચાલે છે તેય નકલ. અરે ! બેસવાનીય નકલ જ કરે છે ને ! કમઅક્કલવાળા જ નકલ કરે અને દુઃખી થાય.આપણે તો નકલ નહીં પણ અસલ હોવું ઘટે.

## (સૂત્ર - ૭)

**ચિંતા થવાની જગ્યાએ નિશ્ચિંત રહી શકે તે એનું નામ 'વિજ્ઞાન' કહેવાય ! અને આપણા લોકો તો 'ઈઝી ચેર' ઉપર બેસે ને 'અનૂઈઝી' દેખાય છે !**

ભગવાને કહ્યું હતું, કે અગવડતામાં સગવડતા ખોળી કાઢજે. અગવડતામાં જ સગવડતા હોય છે, પણ ખોળતાં આવડે તો ને ?

સોફો પાંચ વરસ જૂનો થાય તે ધણીને અગવડ લાગે, ઓલ્ડ ટાઈપ(જૂની ઢબ)નો થઈ ગયો એમ લાગે. આ તો સગવડતામાં અગવડ ઊભી કરી. આજકાલ તો ઈઝી ચેરમાં બેસીને અનઈઝી થાય છે. મૂઆ, આખી જિંદગીમાં એક જ વખત અનઈઝી થવાનું હોય, ત્યારે આ તો આખો દિવસ અનઈઝી રહે છે. આખો દા'ડો ઊલેચ્યા જ કરે છે ! આ મુંબઈમાં ભરપટ્ટે સુખ પડેલું છે, પણ આ તો આખો દહાડો દુઃખમાં જ પડ્યો રહે છે.

એક શેઠ આવ્યા'તા. તે મને કહે છે, 'હું તો ઈઝી (આરામ) ખુરશી લાવ્યો.' તે ત્યાં ગયો ત્યારે તો ઈઝી ખુરશી પર અનૂઈઝી થયેલા બેઠેલા. મેં કહ્યું, 'આ ઈઝી ખુરશીનો શો દોષ બિચારો ? તમે જ અનૂઈઝી છો ને !' તે આવા લોક છે !

ખુરશી તો આમ આમ થાય એવીય હતી ખાસી. (દાદા એક્શન કરે છે.) આમ પગ થાય, આમ થાય. પણ એ જાતે અન્ઈઝી તેમાં એ ખુરશી શું કરે બિચારી ?

**પ્રશ્નકર્તા :** દાદા, જ્ઞાન બધું છે, કશું બાકી નથી. એપ્રોપ્રિએટ (યોગ્ય) જવાબ મળે છે આમાં. જરાય કોઈ આઘુંપાછું કરી ન શકે, જડબેસલાક !

**દાદાશ્રી :** એવું છે ને, જ્ઞાન નહોતું તોયે સૌથી પહેલી ઈઝી ચેર નવસારીમાં બનાવડાવી. તે ખાસી આમ પગ હઉ, પગની આ પીંડીઓ દબાય એવું તો આમ આમ ઠેઠ સુધી રહેવાય. આમ થાય, તેમ થાય, આમ થાય, તેમ થાય. મેં કહ્યું, 'બનાવડાવો આપણે.' તે નાઈન્ટીન થર્ટી સેવનમાં (૧૯૩૭માં) બનાવડાવેલી. મને એક કારીગર બહુ સારો લાગેલો એટલે મેં બનાવડાવી. તોય અમારા ભાગીદાર બેઠા ત્યારે અન્ઈઝી દેખાય. ત્યારે મને રીસ ચઢી. મેં કહ્યું, 'કઈ જાતનો ચક્કર છે, મૂઆ ! ઈઝી ચેર (પર બેઠો) છે ને !' આ તે દહાડાના શબ્દો આજે (યાદ) છે હજુ. 'ચેર ઈઝી છે ને, તો પાંસરો બેસ ને, મૂઆ.' તે વેપારમાં ખોટ જશે તો પછી ચોપડે ખોટ જવાની છે, હમણાં અહીં ખુરશી પર ખોટ છે ?

**પ્રશ્નકર્તા :** દાદા, એ જરા અઘરું છે, સહેલું નથી.

**દાદાશ્રી :** ના, પણ ખુરશી શું કરે બિચારી ? ખુરશી ઈઝી છે. ઈઝી ચેરને બહુ ખરાબ લાગે પછી. ખુરશીને એમ લાગે કે આ કેવી જાતના માણસ, મને અન્ઈઝી કરી ! આપણો ચેપ એને અડે. તે પછી ખુરશી આમ આમ ઝુલે નહીં પછી, આમ ને આમ રહે.

**પ્રશ્નકર્તા :** એ બરોબર, દાદા.

**દાદાશ્રી :** હં... અને પછી હું એને બેસીને બતાવતો હતો. મેં કહ્યું, 'જુઓ આમ, આમ આ પીંડીઓ-બીંડીઓ દબાય બરોબર, એય મજાની !' તે થાક-બાક ઊતરી જાય બધો. પણ અમારા ભાગીદાર તે પીંડીઓ દબાવવાનું તે કો'ક દહાડો દબાવે, પણ પાછું પેલામાં જતું રહે ખોટમાં. મેર ચક્કર, એને શું કરવા સંભારે છે ? એને મેલ ને પૂળો અહીંથી !

ચિંતા કરવાની જગ્યામાં નિશ્ચિંત રહી શકે એનું નામ વિજ્ઞાન કહેવાય ! આપણા લોકો તો ઈઝી ચેર ઉપર બેસે છે અને અન્ઈઝી દેખાય છે. તમે જોયેલું, આ ઈઝી ચેર ઉપર બેઠેલા અન્ઈઝી ? ખુરશીનું નામ ઈઝી ચેર અને પોતે અન્ઈઝી દેખાતો હોય. અલ્યા, ઈઝી ચેર પર બેઠો તોય અન્ઈઝી શી રીતે થઈ ગયો, મૂઆ ? ઈઝી ચેર પર બેસે તોય અન્ઈઝી થઈ જાય. તેમાં ખુરશીનીય આબરૂ બગાડે, મૂઓ !

## (સૂત્ર - ૮)

**સમજણ તો કોનું નામ કહેવાય કે સામાની ડહાપણની વાત હોય તો એક્સેપ્ટ કરી લે. આ કાળમાં ડહાપણની વાત ક્યાંથી હોય ?**

જુઓ ને, પચાસ હજારના હીરા પેલો લઈ જનારો નિરાંતે પહેરે અને અહીં આ શેઠ ચિંતા કર્યા કરે !

શેઠના હીરાના પૈસા ના આવ્યા હોય છતાં શેઠાણી કંઈ ચિંતા કરે ? ત્યારે શું એ ભાગીદાર નથી ? સરખા પાર્ટનરશિપ(ભાગીદારી)માં છે. હવે શેઠ કહે છે, 'પેલાને હીરા આપ્યા, પણ એના પૈસા નથી આપતો.' ત્યારે શેઠાણી શું કહેશે, કે 'બળ્યું, આપણા કર્યા હશે, તે નહીં આવવાના હોય તો નહીં આવે !' તોય શેઠના મનમાં થાય, કે 'આ અણસમજણવાળા શું બોલી રહ્યા છે !' અને આ સમજણનો કોથળો ! પેલાએ પચાસ હજારના હીરાના રૂપિયા ના આપ્યા તો આપણે પચ્ચીસ લાખની મિલકતમાંથી પચાસ હજાર બાદ કરીને સાડી ચોવીસ લાખની મિલકત નક્કી કરી નાખવી

અને ત્રણ લાખની મિલકત હોય તો પચાસ બાદ કરીને અઢી લાખની મિલકત નક્કી કરી નાખવી.

**પ્રશ્નકર્તા :** એ સમાધાન લેવાની કેવી અજબની રીત છે ! એકદમ તરત સમાધાન થઈ જાય.

**દાદાશ્રી :** એ તો નક્કી કરી નાખવાનું, સહેલો રસ્તો કરીને ! અઘરો રસ્તો કાઢીને શું કામ છે ?

ખોટનો વેપાર કરે એનું નામ વણિક કેમ કહેવાય ? ઘેર આપણા ભાગીદારને પૂછીએ, બૈરીને, કે 'આ પચાસ હજારનું ગયું તો તમને કંઈ દુઃખ થાય છે ?' ત્યારે એ કહેશે, 'ગયા માટે એ આપણા નથી.' ત્યારે આપણે ના સમજીએ કે આ બઈ આટલી સમજણવાળી છે, હું એકલો જ અક્કલ વગરનો છું ! અને બૈરીનું જ્ઞાન આપણે તરત પકડી લેવું પડે ને ? આવી ડહાપણની વાત આપણે પકડી લેવી જોઈએ કે ના પકડવી જોઈએ ? એક ખોટ ગઈ તેને જવા દે પણ બીજી ખોટ ના ખાય. પણ આ તો ખોટ ગઈ તેની જ કાંણ માંડ્યા કરે ! અલ્યા, ગઈ તેની કાંણ શું કરવા કરે છે ? ફરી હવે ના જાય તેની કાંણ કર. અમે તો ચોખ્ખું રાખેલું કે જેટલા ગયા એટલા બાદ કરીને મૂકી દો !

## (સૂત્ર - ૯)

### ભગવાને પહેલેથી જ કહેલું કે પ્રાપ્તને ભોગવો અને અપ્રાપ્તની ચિંતા ના કરો.

આ અમદાવાદના એક શેઠિયાને ઘેર ગયો. તે શેઠાણીએ સુંદર રસોઈ ને કંસાર કર્યો. પછી શેઠ ને હું જમવા બેઠા. શેઠાણી શેઠને કહે, 'આજે તો પાંસરા જમો.' મેં પૂછ્યું, 'કેમ આમ કહો છો ?' ત્યારે શેઠાણી કહે, 'અરે, આ તો અહીં જમે તે ધોકડું (શરીર) જમે છે ને શેઠ તો મિલમાં ગયા હોય છે ! તે કોઈ દહાડો પાંસરું જમતા નથી.' ઓત્તારીની ! અલ્યા, આ થાળી અત્યારે તને પ્રાપ્ત થઈ છે તેને નિરાંતે ભોગવ ને ! મિલ અત્યારે અપ્રાપ્ત છે તેની ચિંતા શા માટે ? ભૂત અને ભવિષ્ય બન્નેય અપ્રાપ્ત છે. વર્તમાન પ્રાપ્ત છે તેને નિરાંતે ભોગવ. અપ્રાપ્ત એ વસ્તુ તમારા હાથમાં નથી. તમારે જ્યારે પ્રાપ્ત થાય, હાથમાં આવે ત્યારે એ વસ્તુ ભોગવજો.

એક શેઠને મરવાનું થયું, તે બધી રીતે શ્રીમંત હતા. છોકરાંઓય ચાર-પાંચ. તે કહે, 'પિતાજી, હવે નવકાર મંત્ર બોલો.' ત્યારે પિતાજી કહે, 'આ અક્કલ વગરનો છે ! અલ્યા, આ બોલવું એ હું નથી જાણતો ? હું મારી મેળે બોલીશ. તું પાછો મને કહે કહે કરે છે !' તે છોકરાંય સમજી ગયા કે પિતાજીનું ચિત્ત અત્યારે કોઈ જગ્યાએ ભમે છે. પછી બધા છોકરાંઓએ સાર કાઢ્યો કે શેમાં ભમે છે ? આપણને પૈસાનું દુઃખ નથી, બીજી કોઈ અડચણ નથી, પણ ત્રણ છોકરીઓ પૈણાવી હતી ને એક નાની છોકરી રહી ગઈ હતી, તે શેઠનું ચિત્ત નાનીમાં રહ્યા કરતું હતું કે મારી આ છોડીને પૈણાવવાની રહી ગઈ, તે હવે આનું શું થશે ? તે છોકરાં સમજી ગયા, એટલે નાની બહેનને જાતે મોકલી. એ કહે છે, 'પપ્પાજી, મારી કોઈ ચિંતા કરશો નહીં. તમે હવે નવકાર મંત્ર બોલો.' ત્યારે પપ્પાજી એને કશું બોલ્યા તો નહીં, પણ મનમાં એમ સમજે કે આ હજુ છોકરું છે ને ! એને શું સમજણ ? અલ્યા, જવાનો થયો તે પાંસરો રહે ને ! આ હમણાં કલાક-બે કલાક પછી જવાનું. તે છોડી કહે છે તે કર ને, નવકાર મંત્ર બોલવા માંડ ને ! પણ શું થાય ? શી રીતે નવકાર બોલે ? કારણ કે એના કર્મ એને પાંસરો નથી રહેવા દેતા. એના કર્મ તે ઘડીએ ફરી વળે છે !

આ તો મરવા જેવો ખાટલામાં પડ્યો હોય તોય નાની બેબીની ચિંતા કર્યા કરે કે આને પરણાવવાની રહી ગઈ. જવાનું થયું ને લોક ચેતવે છે, તો મૂઆ પાંસરો મર ને ! ને અત્યારે મૂઆ,

હવે જતી વખતે પૈણાવવા બેઠો છું ? સારો છોકરો હતો ત્યારે ના પૈણાવી ને હવે પૈણાવવા બેઠો છું ? આ નાની છોકરી પૈણાવી નહીં, તેમાં જીવ રહે એમનો. તે ચિંતામાં ને ચિંતામાં મરે એટલે પછી જાનવરમાં જાય. જાનવરનો અવતાર નાલેશી ભરેલો છે. પણ મનુષ્ય અવતારમાંય સમો ના રહે તે શું થાય ? એટલે આ લોકો જે સુખ છે, પ્રાપ્ત સુખ છે, તેય ભોગવતા નથી. જે સુખ પ્રાપ્ત થયું છે, તે ભોગવવું ના જોઈએ ? તે પ્રાપ્તને ભોગવતા નથી ને અપ્રાપ્તની ચિંતા કરે છે ! આ બધી થીયરી (સિદ્ધાંત) જ રોંગ (ખોટી) છે.

### (સૂત્ર - ૧૦)

### ઉપાધિ ઘટાડે, એનું નામ અક્કલ કહેવાય !

અમારે કંપનીમાં પહેલો નંબર આવવા માંડ્યો ને, ત્યારે મનમાં પાવર પેઠો કે આ તો ભેજું બહુ સરસ કામ કરે છે ! પણ તે, એય અક્કલ નહોતી, કમઅક્કલપણું હતું, ઉપાધિ લાવવાનું સંગ્રહસ્થાન હતું. ઉપાધિ ઘટાડે, એનું નામ અક્કલ કહેવાય ! હા, આવતી ઉપાધિ આપણી પાસે આવે નહીં, વચ્ચે બીજો કોઈ મોડ પહેરી લે ! તે ઉપાધિ એની પાસે જાય.

આ લોકોની તો રીત જ ખોટી છે, રસમ જ આખી ખોટી છે ! તે આ લોકોની રીત ને રસમ પ્રમાણે આપણે દોડીને પહેલો નંબર લાવ્યા પછીયે પાછો છેલ્લો નંબર આવ્યો, તે હું પછી સમજી ગયો કે આ દગો છે ! હું તો એમાંયે દોડેલો, ખૂબ દોડેલો, પણ એમાં પહેલો નંબર આવ્યા પછી છેલ્લો નંબર આવેલો. ત્યારે થયું કે 'આ ચક્કર કઈ જાતનું ? આ તો ફસામણ છે !' આમાં તો કોઈ નંગોડ માણસ ગમે ત્યારે આપણને ધૂળધાણી કરી નાખે. એવું કરી નાખે કે ના કરી નાખે ? પહેલો નંબર આવ્યા પછી બીજે દહાડે જ હાંફ હાંફ કરી નાખે ! એટલે અમે સમજી ગયા કે આમાં પહેલો નંબર આવ્યા પછી છેલ્લો નંબર આવે છે, એટલે ઘોડદોડ(સ્પર્ધા)માં ઊતરવું નહીં.

હવે આ બધું ચાલ્યા જ કરવાનું. એમાં પોતે ચલાવતો જ નથી. આ તો જરા ગર્વરસ ચાખવાની ટેવ પડેલી ને ! એટલે બીજાનો આઠસોનો પગાર દેખે ને, એટલે મનમાં એમ થાય, કે 'આપણને તો અઢારસો મળે છે એટલે આપણને વાંધો નથી, આને તો આઠસો જ મળે છે !' એ ચાલ્યું ! જાણે અઢારસો ઉપર કોઈ ઉપરી જ ના હોય ને, એવું ! જ્યાં ઉપરી હોય ને, ત્યાં સ્પર્ધા હોય જ ! ત્યાં ઊભા રહેવાનું કારણ જ શું આપણે ? આ કંઈ રેસકોર્સ(ઘોડદોડ)માં આવ્યા છીએ ? આપણે શું રેસકોર્સના ઘોડા છીએ ? એના કરતાં ત્યાં કહી દે ને, 'હું સાવ મૂરખ છું.' અમે તો કહી દઈએ છીએ ને, કે 'ભઈ, અમારામાં અક્કલ નથી. અમારામાં આ બધા વ્યવહારની સમજણ નહીં ને !' અને એ ચોખ્ખી જ વાત કરી દઈએ છીએ ને !

એટલે અમે તો આ એક જ શબ્દ કહીએ, કે 'અમારામાં બરકત નથી રહી હવે.' બરકત તો અમે જોઈ લીધી ! બહુ દોડ્યા, ખૂબ દોડ્યા ! એ તો સરવૈયું કાઢીને આ અનુભવથી કહું છું. અનંત અવતારથી દોડ્યો, તે બધું નકામું ગયું. ટોપ (શિખર) ઉપર બેસે એવું દોડ્યો છું, પણ બધે માર ખાધો છે. એના કરતાં ભાગો ને, અહીંથી ! આપણી અસલ જગ્યા ખોળી કાઢો, એય... જાયજેન્ટિક !

આ ઘોડદોડમાં કોઈનો નંબર (કાયમ) લાગેલો નહીં. હું એ ઘોડદોડમાં ઊતરતો નથી. આ ઘોડદોડમાં તો હાંફી હાંફીને મરી જાય તોયે કોઈને નંબર લાગેલો નહીં. તે આમ હોય અક્કલનો ઈસ્કોતરો ! અને છેવટે હાંફીને મરી જાય ત્યારે 'પેલો મને છેતરી ગયો ને પેલો મને છેતરી ગયો' કહે. એંસી વર્ષેય તને છેતરી ગયો ! અનંત અવતાર આ રેસકોર્સમાં દોડ દોડ કરીશ તોય છેલ્લે દહાડે તું છેતરાઈશ, એવું આ જગત છે ! બધું નકામું

જશે, ઉપરથી પાર વગરનો માર ખાવાનો ! એના કરતાં ભાગો અહીંથી, આપણી અસલ જગ્યા ખોળી કાઢો, જે આપણું મૂળ સ્વરૂપ છે.

**પ્રશ્નકર્તા :** આપણને કોઈ કશું કહે, ગાંડા કહે, અક્કલ વગરના કહે, તો ગમે નહીં.

**દાદાશ્રી :** એવું છે ને, આપણે હસવું હોય તો લોટ ના ફકાય ને લોટ ફાકવો હોય તો હસાય નહીં. બેમાંથી એક રાખો. આપણે મોક્ષે જવું છે, તે લોક ગાંડાયે કહેશે ને મારેય ખરા, બધુંય કરે. પણ આપણે આપણું છોડી દેવાનું.

જગતની મીઠાશ જોઈએ છે અને આયે જોઈએ છે, બે ના થાય. જગતમાં તો હરાવવા આવે ને, તો હારીને બેસવું નિરાંતે. લોક તો એની ભાષામાં જવાબ આપશે. 'મોટા શુદ્ધાત્મા થઈ ગયા છો !' એવી તેવી ગાળો હઉ ભાંડશે. કારણ કે લોકોનો સ્વભાવ એવો છે. પોતાને મોક્ષે જવાનો માર્ગ મળ્યો નથી એટલે બીજાનેય જવા ના દે, એવો લોકોનો સ્વભાવ. આ જગત મોક્ષે જવા દે એવું છે જ નહીં. માટે આમને સમજાવીને-પટાવીને છેવટે હારી જઈનેય કહેવું, કે 'અમે તો હારી ગયેલા છીએ.' તો તમને છોડી દેશે.

## (સૂત્ર - ૧૧)

**કોઈને અક્કલ વગરના કહેવાય નહીં, એની મહીં આત્મા છે. એટલે જોખમદારી કેટલી !**

કોઈ ગાળ ભાંડે તો કશું થાય તમને ?

**પ્રશ્નકર્તા :** અહંકાર ઘવાય, તે થાય તો ખરું ને !

**દાદાશ્રી :** અહંકાર ઘવાય ? અહંકાર ઘવાય તો સારું, ઓછું થાય એટલું. ઘવાતું ઘવાતું પડી જાય ને ! અહંકારને તાજો રાખવો છે તમારે ? ફ્રેશ ? તમને અહંકારની બહુ જરૂર છે ?

**પ્રશ્નકર્તા :** એ તો આપણી સાથે રહેલો જ હોય ને ?

**દાદાશ્રી :** હા, જોડે ને જોડે રહે. એ કંઈ ખસે જ નહીં ને ! એને લીધે છે આ બધું.

એક જણ ફ્રેંચ કટ રાખતો હતો. તે આટલે સુધી આમ વાળ રાખે. તે હેર કટિંગ સલૂનવાળાથી સહેજ વધારે કપાઈ ગયું, તે ચિડાઈને પેલાને બે-ચાર ધોલ મારી દીધી ! 'અલ્યા, થોડુંક વધારે કપાઈ ગયું, એમાં શું બગડી ગયું ?' પણ આ અહંકાર કેવો કામ કરે છે ને ? તમારે એવો અહંકાર કરે કે ? તોફાન માંડે કે ? ડાહ્યો છે ને ? કોઈકનો અહંકાર ડાહ્યો હોય, કોઈનો અહંકાર ગાંડો હોય ! એ અહંકારના બેઝમેન્ટ (પાયા) પર પડી રહેલા હોય. લોકોને 'અક્કલ વગરના' કહે અને એ અક્કલનો કોથળો ! તે સાવ ખલાસ થઈ જાય, પથ્થર થઈ જાય માણસ ! કોઈને અક્કલ વગરના કહેવાય નહીં, એની મહીં આત્મા છે. એટલે જોખમદારી કેટલી !

આ અહંકાર તો ક્રોનિક રોગ કહેવાય. એ અમારી પાસે રહે તો નીકળે, નહીં તો લોક તો ઊલટો વધારી આપે એ રોગ !

કોઈ કહે, 'આ ચંદુભાઈમાં અક્કલ નથી', તો અસર થાય તમને કશી ?

**પ્રશ્નકર્તા :** થાય તો ખરી ને !

**દાદાશ્રી :** કેમ ? અક્કલના કોથળા છો તમે ?

**પ્રશ્નકર્તા :** નથી એટલે જ થાય.

**દાદાશ્રી :** અને કોઈ કહે કે આ ચંદુભાઈ ક્યાંના કલેક્ટર છે ? ત્યારે તમે એમ કહો કે હું કલેક્ટર છું ?

**પ્રશ્નકર્તા :** નથી તો કેવી રીતે કહેવાય ?

**દાદાશ્રી :** ત્યારે એમાં અસર નથી થતી

કલેક્ટરમાં, અને આમાં કેમ અસર થાય છે ? તમે અંદર માની બેઠા છો કે હું કંઈક છું, અક્કલવાળો.

**પ્રશ્નકર્તા :** તેમાં અહંકાર ઘવાય છે.

**દાદાશ્રી :** અહંકાર મહીં ઘવાય છે ને હું કંઈક અક્કલવાળો છું ! અક્કલવાળો એટલો બધો તે બીજાને રસ્તો દેખાડી આપે, કાઢી આપે. બોલો હવે, આવા ધંધા કર્યા ! શું બાકી રાખ્યું હશે ? અક્કલના ઓથમીર ! આ માન આપ્યું ને, તે બધું આપી દે. માન આપે ને કડવું ના લાગે તો એ જ્ઞાન રહે નહીં એને. માન જો આપતા હોય ને તો જ્ઞાનવાળો માણસ તો કંટાળી જાય કે આ માન કોને જાય છે ? ચંદુલાલને માન જાય છે. ચંદુલાલનું શું કરવું ? એટલે આ રોગથી તો બહુ સાચવવા જેવું છે.

આ લોકોએ ધંધો જ અહંકારનો માંડ્યો છે ને ! મારી બુદ્ધિ વધારે છે, હું આના કરતાં વધારે અક્કલવાળો ! એ આત્મઘાત થઈ રહ્યો છે.

તમારે કોઈ કંઈક બોલી ગયો હોય તો તરત થાય કે 'હું કંઈક છું.' 'હું તો પહેલેથી અક્કલવાળો છું' એવું માને. શું કહો છો ? તમારે એવું માને કે ?

આપણે જો લઘુ માણસ છીએ, તો આત્મઘાતી નથી એ. અને ગુરુ થવા ગયો એટલે આત્મઘાતી થયો. એટલે વ્યવહારમાં ગુરુ થઈને કોઈ મોક્ષે ગયેલો નહીં. વ્યવહારમાં લઘુ થઈ જવું.

**પ્રશ્નકર્તા :** હા, બરાબર. પહેલેથી જ પોતે માને કે 'હું અક્કલવાળો છું, આમ જ છું બધું. મને કોઈ શું કહી જાય ?'

**દાદાશ્રી :** એવું તો કો'ક દહાડો જ હોય ને ?

**પ્રશ્નકર્તા :** આ દાદાનું જ્ઞાન નહોતું લીધું ત્યારે હતું કે મને કોઈ શું કહી જાય, અહંકાર એવો હતો પણ હવે બધું એડજસ્ટ કરી લઉં.

**દાદાશ્રી :** 'હું હોશિયાર છું' એવું રહે ?

**પ્રશ્નકર્તા :** હા, રહે.

**દાદાશ્રી :** એ રોગ બહુ મોટામાં મોટો.

**પ્રશ્નકર્તા :** પણ હવે બિલકુલ રહેતું નથી.

**દાદાશ્રી :** એમ નહીં, કોઈક વખત રહે છે એવું ?

**પ્રશ્નકર્તા :** 'હું હોશિયાર છું' એવું તો નથી રહેતું કોઈ દિવસ, પણ મને કોઈ કહી ના જાય, બસ એની સાવચેતી રાખેલી.

**દાદાશ્રી :** કોઈના દબાણમાં ન આવું, એવું કશુંક હતું ને ?

**પ્રશ્નકર્તા :** હા, એવું ખરું.

**દાદાશ્રી :** 'હું કંઈક છું' એ હતું ને, એ જ રોગ. અને એ જ રોગથી અથડાય છે. જ્ઞાન મળે તોય આ રોગ ના જાય. એટલે આ રોગ હજુ રહ્યો હોય તો કાઢી નાખવો. બાકી, આ જ્ઞાન મળ્યા પછી પણ આ રોગ રહ્યા કરે છે. પછી આપણે 'એને' કહીએ ને, તો સમજી જઈને ધીમે ધીમે આ રોગ કાઢે છે. પણ કહ્યું ના હોય તો અંદર રહી જાય ને ! એ રોગ નીકળી જવો જોઈએ.

### (સૂત્ર - ૧૨)

**આપણે અક્કલવાળા થવાની વાત જ નહીં કરવાની. તેથી તો અમે અબુધનું કારખાનું ખોળી કાઢ્યું ને !**

અમારી અક્કલ અધ્યાત્મમાં પહોંચે પણ ભૌતિકમાં ના પહોંચે. અમને ભૌતિકમાં સમજણ જ નહીં ને, આવી તેવી. વાંકી સમજણ નહીં. અહીં તો (કહે કે) કાનપટ્ટી પકડો, તો આ પકડીને બેઠા.

અમે પોતે જ અક્કલ વગરના છીએ ને !

અબુધ છીએ ! અને અમે તો 'અબુધ' છીએ એવું પુસ્તકમાં છાપ્યું હઉ છે. હું લોકોને કહું છું કે અમે તો અબુધ છીએ ! એટલે લોકો કહે છે, 'એવું ના બોલો, ના બોલો !' અલ્યા ભઈ, તુંય બોલ. તુંય અબુધ થા, નહીં તો માર્યો જઈશ ! ને આ લોક તો તારા ટાંટિયા ભાંગી નાખશે !

એટલે આપણે અક્કલવાળા થવાની વાત જ નહીં કરવાની. તેથી તો અમે અબુધનું કારખાનું ખોળી કાઢ્યું ને ! જુઓ ને, કેવું ખોળી કાઢ્યું ! અને આ વ્યવહારમાં જ્યારે આપણને સમજણ ના પડે તો વકીલને ખોળી કાઢીશું, કે 'લે રૂપિયા, ને કંઈક કરી આપ. આ બાઝી પડ્યો છે તે ઉકેલ લાવી આપ.' કહીએ. વળી આપણે ક્યાં અક્કલ વાપર વાપર કરીએ ? આ અક્કલવાળા લોક તો મળે છે ને ! કોઈ પચ્ચીસ રૂપિયાના મળે, કોઈ પચાસ રૂપિયાના મળે, કોઈ સો રૂપિયાના મળે. છેવટે એક દહાડાના પાંચસો રૂપિયાનાય મળે છે ને ! તૈયાર જ મળે છે, તે હવે અક્કલ શા સારુ વાપરવાની ? તમને સમજાયું ને ?

ને આ તો બહુ પુણ્યશાળી માણસ, તે લોક 'અક્કલ નથી' એવું કહે છે. એ બહુ સારું છે. આ તો ઈનામ કહેવાય. આ તો લોકોએ જ વધારે કાદવમાં ઉતરવા ના દીધો. 'એય ઊભો રહે, મહીં ના ઊતરીશ. તું ડૂબી જઈશ, કાદવમાં પગ ખૂંપી જશે !' ત્યારે કહીએ, 'સારું !' આ કિનારે ઊભા રહ્યા, તેથી તો આ 'જ્ઞાન' પામ્યા ! નહીં તો આ ખૂંપી ગયા હોય ને, તેમના મોઢા તો જુઓ, બધાના ! કેવા દિવેલ પીધા જેવા થઈ ગયા છે, ડાહ્યા થવા હારુ, નામ કાઢવા હારુ ગયેલા તે !

**પ્રશ્નકર્તા :** પણ બહારવાળા બધી બાબતમાં મૂરખ ઠરાવી દે, ત્યાં શું કરવું ?

**દાદાશ્રી :** હા, તે આપણે એ થવાની જ જરૂર છે. આપણી બહુ પુણ્યૈ જાગી છે ! અને ત્યાં આગળ એ લોકોમાં આપણે એકદમ હસી-ખુશીને ના રહેવું. પણ દેખાવ તો એવો રાખવો કે અમારે તમારી જોડે ઘોડદોડમાં આવવું છે, દેખાવમાં જ ફક્ત ! પણ અંદરખાને તો, ત્યાં ગયા હોય ને, તો હારી જવું પાછા ! એટલે એમના મનમાં 'અમે જીત્યા' એવું લાગે. અમે તો આવું સામે ચાલીને કેટલાયને કહી દીધું, કે 'ભઈ, અમારામાં બરકત નથી.' એ સારામાં સારો રસ્તો. બાકી, એ બધી ઘોડદોડો છે ! રેસકોર્સ છે ! તેમાં કોની જોડે આપણે દોડીએ ? નથી આપણમાં કશી બરકત, નથી ચાલવાની શક્તિ, એમાં કોની જોડે દોડીએ ? તોય લોક કહેશે, 'તમારી ઉંમર હજી ક્યાં વધારે છે ?' ત્યારે મેં કહ્યું, 'પણ વધારે ઉંમરવાળાની જોડેય મારાથી ન દોડાય. આ અમને બીજું કશું તો આવડે નહીં.' આ બબૂચકની અક્કલને શું કરવાની ? જે અક્કલ તો ભાડે મળે છે ને !

જુઓ ને, એક્સપર્ટ તો, જ્યાંથી જોઈએ ત્યાંથી ભાડે આવી જાય. શેના એક્સપર્ટ ? ત્યારે કહે, ઈન્કમટેક્ષના. એય ભાડે, બીજો ભાડે, ત્રીજો ભાડે, ડૉક્ટર ભાડે, વકીલો ભાડે, બધુંય ભાડે !

અને ગમે તે માણસ, સહુ સહુની લાઈનમાં હોશિયાર હોય ને બીજી લાઈનમાં બધા બબૂચક છે. તેના કરતાં આપણે સારું, એક લાઈનમાં મોટા એક્સપર્ટ કહેવડાવા કરતાં સબ મેં બબૂચક ! આમાં શાની અક્કલ રાખવાની ? તે ત્યારથી જ અમે વાત છોડી દીધેલી, લગામ જ છોડી દીધેલી ને ! અને કહી દીધેલું, 'અમને સમજણ ના પડે.' એટલે આપણે છૂટા !

હવે આપણા હાથમાં પતંગ આવી ગઈ. લોકોની પતંગો ગુલાંટ ખાવાની હશે તો ખાશે, પણ આપણી પતંગનો દોર તો હાથમાં આવી ગયો ! આપણે આ લોકોની ઘોડદોડમાં ક્યાં પડીએ ? 'સબ સબકી (મટકી) સંભાલો, મૈં મેરી ફોડતા હૂં.'

અને આ અક્કલને શું કરવું ? તમે જો આમાં ઊંડા ઊતર્યા હોત ને, તો કેટલા બધા ઊંડે

ગરકી ગયા હોત ! પણ તે તમે અમારી પેઠ છેટે ને છેટે રહ્યા, તે સારું થયું !

જેનામાં અક્કલ છે એનો મોક્ષ ના થાય. જગત જેને 'અક્કલવાળો' કહે છે એ તો બહુ જ કમઅક્કલ છે. અક્કલવાળો પોતાની જ ઘોર ખોદે છે, એને અમે 'કમઅક્કલ' કહીએ છીએ.

'અમારામાં તો કોઈ બરકત રહી નથી હવે', કહીએ છીએ એ લોકોને બહુ ગમે છે. નહીં તો આ બરકતવાળા લોકો તો અહીં સોદો કરવા આવે. અલ્યા, અહીં સોદા કરવાની ચીજ છે ? સબસે ઉપર છીએ ! સોદા કર તારી લાયકાત પર ! અમે તો ઉપરીના ઉપરી છીએ અને પાછા બરકત વગરના છીએ ! એટલે કહી દઈએ, 'બરકત વગરનામાં શું ખોળો છો ?'

લોકો તો નાનપણમાં વઢતા કે 'તારામાં કશી બરકત નથી.' ત્યારે હવે આપણે જ કહી દઈએ ને, વળી કોઈક કહે તેના કરતાં ! કોઈકને વખતે કહેવું પડે, કોઈ સર્ટિફિકેટ (પ્રમાણપત્ર) આપે, એના કરતાં આપણે જ સર્ટિફાઈડ કોપી થઈ જઈએ ને, તો ભાંજગડ જ મટી જાય ને ! લોકોને કહેવું પડે કે, 'તારામાં બરકત નથી, તારામાં બરકત કશી નથી !' અને આપણે એ બરકત લાવવા ફરીએ, આનો સોદો ક્યારે જડે ? એના કરતાં આપણે જ સર્ટિફાઈડ બરકત વગરના થઈ જઈએ ને ! તો ઉકેલ આવે ને !

**(સૂત્ર - ૧૩)**

**આખી દુનિયામાં જો બુદ્ધિ ના હોય, એવો કોઈ પુરુષ ખોળો તો હું એકલો જ છું. 'હું અબુધ છું' એવો અમે સ્વીકાર કરેલો છે.**

મારામાં એક છાંટોય બુદ્ધિ નથી. મારામાં એક સેન્ટ પણ બુદ્ધિ નથી, એ તમને સમજાય ખરું ?

**પ્રશ્નકર્તા :** એ વાત હું નથી સ્વીકારતો.

**દાદાશ્રી :** મારામાં એક સેન્ટેય બુદ્ધિ નથી. હું એકલો જ બુદ્ધિ વગરનો માણસ છું.

**પ્રશ્નકર્તા :** એ આપની મહાનતા છે.

**દાદાશ્રી :** ના, મહાનતા મારે જોઈતી નથી. હું તો લઘુતમ છું. મારે મહાનતા જોઈતી નથી. મારે તો ના જોઈએ તોય લોકો ફેંકે છે. અક્રમ વિજ્ઞાની કોનું નામ કહેવાય કે જેનામાં બુદ્ધિ સેન્ટ પરસેન્ટ ના હોય. અમારામાં એક ટકોય બુદ્ધિ નહીં.

**પ્રશ્નકર્તા :** પણ એમ કેમ કહેવાય ? એ માનવામાં બેસે નહીં.

**દાદાશ્રી :** એવું છે ને, બુદ્ધિ નફો-ખોટ બે જ દેખાડે. અમારામાં બુદ્ધિ બિલકુલ ના હોય, અમે અબુધ ! અમે પુસ્તકમાં ચોખ્ખું લખ્યું છે કે અમે અબુધ છીએ. તમે એવું લખી શકો ?

**પ્રશ્નકર્તા :** આબરૂનો સવાલ પેદા થાય એમ.

**દાદાશ્રી :** હા, આબરૂનો સવાલ ! અને મારે તો આબરૂ જતી રહેલી, એટલે હું લખું છું કે અમે અબુધ છીએ. અને પુસ્તકમાં લખેલું જ છે.

અમે ચોખ્ખું લખ્યું છે, 'અમે અબુધ છીએ !' અને અબુધ જ છીએ, નહીં તો પોતે પુસ્તકમાં લખીને આબરૂ શું કરવા બગાડે ? 'પોતે અબુધ છે' એવું કરીને પુસ્તકમાં કોણ લખે ? કો'કે કહ્યું હોય અબુધ, તો ગુસ્સો ચઢી જાય.

બુદ્ધિ શું કરે ? ઈમોશનલ કરે. મારામાં બુદ્ધિ નામેય નથી. તેથી તો હું ફાવી ગયો ને ! અને આ વર્લ્ડમાં એક જ માણસ અબુધ હોય, બીજા બધા બુદ્ધિશાળી. એટલે જ્ઞાની એને કહેવાય કે જેનામાં બિલકુલ, એક સેન્ટ પણ બુદ્ધિ ના હોય.

**પ્રશ્નકર્તા :** બુદ્ધિ વગર જ્ઞાનીનો વ્યવહાર કેમ ચાલે ?

**દાદાશ્રી :** એ જ જોવાનું છે. ફૉરેનના

સાયન્ટિસ્ટો આ વાત માનતા ન હતા. મેં કહ્યું, 'તમને કેવી રીતે માન્યામાં આવે આ ? તમારી સમજમાં શી રીતે બેસે આ ?'

હું કહું છું કે 'બુદ્ધિ વગરનો છું.' ત્યારે લોક કહે છે, 'ના, એવું ના બોલાય. જો જો, આવું બોલો છો ?' અલ્યા, પણ બુદ્ધિ નથી એટલે કહું છું. ત્યારે એના મનમાં એમ લાગે, કે 'બધા બુદ્ધિશાળી છે, તો દાદા એકલા બુદ્ધિ વગરના હોય કંઈ ?' અરે, પેલા બુદ્ધિશાળી છે, તેથી તો બુદ્ધુ થવા બેઠા છે !

**પ્રશ્નકર્તા :** પ્રથમ દૃષ્ટિએ વિરોધાભાસ લાગે.

**દાદાશ્રી :** હા.

### (સૂત્ર - ૧૪)

### અમે રિલેટિવમાં અબુધ અને રિયલમાં જ્ઞાની !

શું કારણથી લખ્યું, કે 'અમારામાં બુદ્ધિ ના હોય ?'

**પ્રશ્નકર્તા :** હા, એ સમજાતું નથી એટલે આપ શું કહેવા માગો છો ?

**દાદાશ્રી :** હું, 'મારામાં બુદ્ધિ નથી' એમ કહું છું, તો મારી પાસે બીજી કોઈ વસ્તુ હશે ને ? કંઈ અજવાળું તો હશે ને મારી પાસે ? બુદ્ધિ એક અજવાળું છે અને મારી પાસે જે અજવાળું છે, એ જુદું અજવાળું છે. અમારામાં જ્ઞાન હોય, પ્રકાશ હોય.

કોઈ કહે, 'તમે બુદ્ધિ વગરના છો, તો આ બધું શી રીતે જાણો છો ?' અમે જ્ઞાનના પ્રકાશથી જાણીએ છીએ. તમે બુદ્ધિના પ્રકાશથી જાણો છો. બન્નેને પ્રકાશ તો છે જ, પણ પ્રકાશમાં ફેર છે. તે તમારી બુદ્ધિ છે એ ઈન્ડિરેક્ટ (પરોક્ષ) પ્રકાશ છે, જ્યારે અમારું જ્ઞાન એ ડિરેક્ટ (પ્રત્યક્ષ) પ્રકાશ છે.

**પ્રશ્નકર્તા :** જે ડિરેક્ટ પ્રકાશ કહ્યો તે જ અબુધપણું ? તમે જે કહો છો કે અમારામાં બુદ્ધિ ના હોય...

**દાદાશ્રી :** હા, એ જ અબુધપણું. ડિરેક્ટ પ્રકાશ ! એ જ અબુધપણું. કારણ કે પેલો (પ્રકાશ) અહંકારના થ્રુ (માધ્યમ દ્વારા) આવે છે, એટલે બુદ્ધિ કહેવાય છે અને અહંકાર ખલાસ થઈ ગયો એટલે ડિરેક્ટ પ્રકાશ થઈ ગયો !

કેટલાય અવતારોથી ખોળતો'તો એ પ્રકાશ મળ્યો. પ્રકાશ મળ્યો માટે આનંદ મળ્યો. એ આનંદ પાછો સીમા રહિતનો આનંદ છે, અસીમ આનંદ છે, સનાતન છે.

અહંકાર ને બુદ્ધિ, બેઉ મને નથી. બુદ્ધિ હોય ત્યાં સુધી અહંકાર હોય. અને બુદ્ધિ હોય ત્યાં સુધી લિમિટેડ જ્ઞાન હોય, 'ફ્રૉમ ધીસ પૉઈન્ટ ટુ ધીસ પૉઈન્ટ' (આ છેડેથી આ છેડા સુધી) એ લિમિટેડ (મર્યાદિત) જ્ઞાન. કશું ક્રિયાકારી ના હોય. અને મારું જ્ઞાન અનલિમિટેડ (અમર્યાદિત) છે, જે જ્ઞાન ક્રિયાકારી છે, જ્ઞાનપ્રકાશ ક્રિયાકારી છે, કેવળજ્ઞાન સ્વરૂપ છે. આખા બ્રહ્માંડની સત્તામાં પહોંચે એવું જ્ઞાન છે.

સંપૂર્ણ અબુધ હોય તો જ જ્ઞાની કહેવાય. વર્લ્ડમાં કોઈ ચીજ જાણવાની જેને બાકી ના હોય ! અને પરમાત્મા પણ જેને વશ થયેલો હોય !

**પ્રશ્નકર્તા :** કોઈ ચીજ જાણવાની બાકી ના હોય, એ શું છે ?

**દાદાશ્રી :** એ જ્ઞાન છે, પ્રકાશ છે અને બુદ્ધિથી તો બહુ ડખા થયા કરે. (વિપરીત) બુદ્ધિથી જાણવાથી તો વઢંવઢા થાય છે, મતભેદ થાય છે બધા. પ્રકાશમાં મતભેદ ના હોય, ડખો ના હોય, કશું ના હોય. જેટલું જેટલું રિલેટિવમાં તમે વાંધો ઉઠાવશો એ બુદ્ધિવાદ. અમારે બુદ્ધિવાદ હોય નહીં.

જ્ઞાની પુરુષ કેવા હોવા જોઈએ ? બુદ્ધિ

વગરના હોવા જોઈએ. મારામાં બુદ્ધિ નથી, માટે મને બધું સૉલ્યુશન (સમાધાન) થઈ ગયું. બુદ્ધિ હશે ત્યાં સુધી સૉલ્યુશન પૂરું નહીં થાય. એટલે બુદ્ધિ જ્યાં ના હોય ત્યાં જ્ઞાન હશે અને જ્ઞાન હશે ત્યાં બુદ્ધિ નહીં હોય, બેમાંથી એક જ હોય.

## (સૂત્ર - ૧૫)

**આ બહુ અક્કલ વધી જાય તો દિમાગ ઠેકાણે ના રહે, બુદ્ધુ થઈ જાય, માટે થોડી બુદ્ધિને કાપી નાખવી. વાઈઝ થવાની જરૂર છે, ઓવરવાઈઝ થવાની જરૂર નથી.**

**પ્રશ્નકર્તા :** આ ખ્યાલમાં આવી જાય છે, દાદાજી જે કહેવા માંગે છે એ સમજાય છે, પણ પછી બુદ્ધિ એટલું બધું તોફાન કરતી હોય છે કે...

**દાદાશ્રી :** બુદ્ધિ તોફાન કરે તો તોફાન, આપણે જાણીએ ને કે બુદ્ધિ તોફાન કરે છે.

**પ્રશ્નકર્તા :** પણ એ જાણપણામાં નથી રહેવાતું, એ લપસી પડાય છે.

**દાદાશ્રી :** એ લપસી પડાય તે લપસી પડાતું નથી, એ તો લાગે એવું.

**પ્રશ્નકર્તા :** લાગે પણ, એ તમારા જેવું નથી થઈ શકાતું.

**દાદાશ્રી :** બુદ્ધિ ડખલ કરે ખરી પણ બુદ્ધિને જાણવી જોઈએ કે આ બુદ્ધિની ડખલ છે. એવું આપણે સમજીએ નહીં ? આપણા ઘરમાં પેલી બેન આવી, એક છોકરો ને એક છોકરી હોય તો આપણે ના સમજીએ કે આ બેન ડખલ કરે છે. એ તો આપણે ડખલને જાણવી જોઈએ, બીજું કંઈ નહીં. ડખલ કોની છે, આપણને ખબર ના પડે ?

**પ્રશ્નકર્તા :** પાછળથી ખ્યાલ આવી જાય છે.

**દાદાશ્રી :** ના, એ નહીં. એ તો (ખ્યાલ) આવી જાય છે, માટે છે તે આ કશું બનતું નથી. તમે ડખલને ડખલ રૂપે જાણો ને, એટલે પછી કશું જ નહીં.

**પ્રશ્નકર્તા :** બુદ્ધિ ગૂંચો પાડે, એ શું છે ?

**દાદાશ્રી :** ગૂંચો એ આ ઓવરવાઈઝનેસ (દોઢ ડહાપણ) છે. ઓવરવાઈઝનેસ એટલે શું કે પોતાના ડહાપણે બધું જ કામ કરવા જાય. દરેકમાં પોતાનું એ ડહાપણ વાપર્યા કરે. આમ જ્ઞાનીના કહ્યા પ્રમાણે ચાલે, પણ તોય પોતાનું ડહાપણ વાપરે કે દવા ત્રણ વાગે પીવાની કહી છે. હવે સવા ત્રણ વાગે પીશું તો શું વાંધો છે ? એટલે પોતાનું ડહાપણ મૂક્યા વગર રહે નહીં. એની બધી ગૂંચો ઊભી થઈ જાય.

વ્યવહારમાં વાઈઝ રહેવાની જરૂર કે કોઈને જરાય નુકસાન ના થાય, આ અક્કલની જરૂર નહીં. ઓવરવાઈઝ થાય પછી ટ્રિકો કરતા શીખી જાય. ટ્રિક એટલે પોતાની વધારે બુદ્ધિથી સામાની ઓછી બુદ્ધિનો ફાયદો લેવો તે. ટ્રિક કરે તો તો ચોરમાં ને તારામાં ફેર શો ? આ તો ચોર કરતાંય વધારે જોખમદારી કહેવાય. ટ્રિક એ તો બુદ્ધિથી સામાને મારે. ભગવાને કહેલું, કે 'બુદ્ધિથી મારતા મારતા તું નિર્દય થઈ જઈશ, એના કરતાં તો હાથેથી મારવું સારું કે જેથી ક્યારેય દયા આવશે. આખું જગત બુદ્ધિથી મારી રહ્યું છે, એ તો ઊંચામાં ઊંચું રૌદ્રધ્યાન કહેવાય.

## (સૂત્ર - ૧૬)

**બુદ્ધિ એ આજની કમાણી છે, આજનો એક્સ્પિરિયન્સ છે, જ્યારે અક્કલ એ કુદરતી બક્ષિસ છે ! જેને સૂઝ વધારે પડતી હોય, તે અક્કલવાળા કહેવાય. સૂઝ વધારે પડે એ કુદરતી બક્ષિસ છે. કોઈનામાં સૂઝ વધારે હોય પણ બુદ્ધિ ના પણ હોય.**

આપણે અક્કલને 'બુદ્ધિ' કહીએ છીએ. (પણ) અક્કલ એટલે શું ? આ બાબો ફડફડ જવાબ

આપે અને બીજો એક બાબો ફડફડ જવાબ ના આપે એનું શું કારણ ? આને અક્કલ વધારે છે ને પેલાને અક્કલ ઓછી છે. એ અક્કલ કુદરતી બક્ષિસ છે, એ આજની કમાણી નથી. બુદ્ધિ એ આજની કમાણી છે, આજનો એક્સ્પિરિયન્સ (અનુભવ) છે અને આ તો પૂર્વભવનું. એ અક્કલને મૂળ શબ્દમાં 'સૂઝ' કહેવાય છે.

અમે તો અબુધ છીએ. અને બીજાને અબુધ કહો તો ખોટું લાગે. શાથી ?

**પ્રશ્નકર્તા :** જ્ઞાન ના હોય, તો એમ થાય ને ?

**દાદાશ્રી :** ના. એ જાણે કે હું બુદ્ધિશાળી છું, તે નથી કેમ કહેતા ? કોઈ પણ માણસનું નુકસાન ના થાય અને પોતાનુંય કિંચિત્‌માત્ર નુકસાન ના કરે, એ બુદ્ધિશાળી કહેવાય. બુદ્ધિશાળી તો કોઈની જોડે ડખો કરીને ના સૂએ. બધે તાળા વાસીને સૂએ. અને વકીલની, ડૉક્ટરની, કોઈનીય જરૂર ના પડે. કોઈ દહાડો કોઈની જોડે મતભેદ ના થાય, ત્યારે સમજીએ કે આપણે બુદ્ધિશાળી છીએ. આ તો મતભેદ થાય એટલે અથડામણ થાય.

એનો વ્યવહાર એટલો ઊંચો હોય કે કોઈ પણ માણસને ત્રાસરૂપ ના થઈ પડે. અને કોઈને ત્રાસરૂપ થઈ પડે તો એનોય ઉકેલ લાવે, એ બુદ્ધિશાળી. બીજા અક્કલવાળા હોઈ શકે. અક્કલ એ કુદરતી બક્ષિસ છે અને બુદ્ધિ એ જાત અનુભવ છે. સૂઝ વધારે પડે એ અક્કલ. બુદ્ધિશાળીનું કોઈ દહાડો મોઢું ચઢેલું ના હોય કે મોઢું ઊતરેલું ના હોય. કોઈને બહુ સૂઝ પડી જાય છે, એને આપણે 'અક્કલવાળો' કહીએ છીએ. અક્કલવાળો એની જાતને 'બુદ્ધિશાળી' માને છે ને એવા બુદ્ધિશાળી માણસ તો એની જાતને 'હું છું, હું છું' કર્યા કરશે.

## (સૂત્ર - ૧૭)

**હવે ખરો બુદ્ધિશાળી કોનું નામ કહેવાય ? જે કકળાટ બંધ કરી દે. કકળાટ ઊભા થવાની જગ્યાએ કકળાટ બંધ કરતો જાય. તેથી અમને પાકા કહ્યા ને !**

બુદ્ધિ તો કોનું નામ કહેવાય કે એક મતભેદ ના પડવા દે. આ તો આખો દહાડો ડખાડખ થાય એ બુદ્ધિનું જ ડહાપણ છે ને ! 'ખરો બુદ્ધિશાળી હોય તો એને કોઈની જોડે ડખો જ ના થાય.'

બુદ્ધિશાળી વળી કામ તો સરસ કરી શકે, પણ બુદ્ધિ રાઈટ સાઈડ પર જાય ત્યારે. આ તો રાઈટ સાઈડ પર જતી નથી અને રોંગ સાઈડમાં ફર્યા કરે છે. રાઈટ સાઈડમાં જેની બુદ્ધિ ગયેલી હોય ને, તે પહેલો જ શરૂઆતમાં ઘરમાં ક્લેશ ના રહેવા દે. બુદ્ધિથી એનો હિસાબ કરી કરીને કાઢ કાઢ કરે તો ક્લેશ જતો રહે. ક્લેશને માટે જ્ઞાનની જરૂર નથી, એ તો બુદ્ધિથી નીકળે. પણ બધા બુદ્ધિશાળીઓને ત્યાં મેં વધારે પડતા ક્લેશ જ જોયા. ત્યારે એક જણ મને કહે છે, કે 'આ શું કહેવાય ?' મેં કહ્યું, 'આ તો ક્યુબ (ઘન) કહેવાય, ઘનચક્કર !' ક્લેશ નીકળી જાય ઊલટો તેની જગ્યાએ ક્લેશ વધ્યો તમારે ત્યાં ? આમ ન હોવું જોઈએ.

કોઈ પણ બુદ્ધિશાળી હોય અને હું પહેલામાં પહેલું પૂછું કે તમારા ઘરે ક્લેશ છે ? અને મહિનામાં એકાદ દહાડો થતો હોય તો વાંધો નહીં પણ... ત્યારે કહે છે, 'એ તો ચાલુ જ રહે છે.' ત્યારે મેં કહ્યું, 'તમારામાં બુદ્ધિ છે જ નહીં, તમારા મનમાં માની બેઠા એટલું જ.' આપણા મનમાં માનીએ કે આ મારી શાકભાજીની દુકાન છે. હવે ત્યાં આગળ છે તે પેલા કહોવાઈ ગયેલા રીંગણા પડ્યા હોય. હવે એવી શાકભાજી કોણ લે ? એવું આ બધું છે. બુદ્ધિ તો બહુ કામ કરે, સ્ટ્રેઈટ વે (સીધો રસ્તો) હોય તો.

કૃષ્ણ ભગવાને કહ્યું છે ને, અવ્યભિચારિણી બુદ્ધિ, એટલે સ્ટ્રેઈટ વે. એની લાઈનમાં બીજા કોઈની ડખલ ના હોય અને એ કોઈનામાં ડખલ

કરે નહીં એવી બુદ્ધિ. તમને વાત કેમ લાગે છે ? સમજવું તો પડશે જ ને ?

એક ભાઈ તો બહુ બુદ્ધિશાળી હતા. તે મેં એમને સાધારણ પૂછ્યું કે 'ઘરમાં કંઈ ક્લેશ છે ?' 'તે ક્લેશ તો નહીં પણ ઘરમાં બેસવાનું જ ગમતું નથી,' કહે છે. મેં કહ્યું, 'આટલો બધો બુદ્ધિશાળી તો બુદ્ધિ ક્યાં ગીરવે મૂકી આવ્યો છો કે શું કર્યું છે ?' બુદ્ધિશાળી ડહાપણપૂર્વક રસ્તો ખોળી કાઢે. કાલે વહુ સામી થઈ હોય તો એનો ઉપાય ખોળી કાઢે. ફરી પાછું એટેક કરવાનું (બાઝવાનું) ઊભું ના કરે. એટેક કેમ બંધ થાય એવું શોધી કાઢે. (પોતે) સામો એટેક કરીને પછી નવી લડાઈ ઊભી ના કરે. ફરી સામો એટેક કરીશ તો આપી જ દઈશ છેવટે ! એવું ના કરે. સ્ત્રીની સામે પુરુષનો એટેક એ ભયંકર ગુનો છે.

મોક્ષે જતા બુદ્ધિ ડખલ રૂપ છે અને સંસારમાં બુદ્ધિ એને હેલ્પ કરે છે. એ પણ નોર્માલિટીવાળી બુદ્ધિ હોવી જોઈએ. વધારાની બુદ્ધિ હોય ને, તે તો બૈરી કહેશે, 'આખો દહાડો કકળાટ જ કર્યા કરે છે.' એવું કહે પછી. ત્યારે વધુ પડતા બુદ્ધિશાળી હંમેશાં કકળાટ જ કર્યા કરે. એટલે વધુ પડતા બુદ્ધિશાળી જોડે તો છોડીઓએ પૈણવું જ ના જોઈએ. એને કુંવારો રાખવો સારો !

હવે ખરો બુદ્ધિશાળી કોનું નામ કહેવાય ? જે કકળાટ બંધ કરી દે. કકળાટ ઊભા થવાની જગ્યાએ કકળાટ બંધ કરતો જાય. તેથી અમને પાકા કહ્યા ને ! ગમે તેવી ખરાબ આફતોમાં આવ્યા હોય ને, તોય બધું નિકાલ કરી દે.

આ તો બુદ્ધિ હોતી નથી ને મનમાં માની બેઠો હોય કે હું બુદ્ધિશાળી ! બુદ્ધિ હોય તો બૈરી જોડે વઢવાડ કેમ થાય છે, મૂઆ ? બૈરી રિસાઈ હોય તો સવારમાં નિકાલ કરતાય ના આવડે, એને બોલતી કરવી હોય તો ના આવડે. ત્યારે મૂઆ, એનું નામ અક્કલ કેમ કહેવાય ? મેજિસ્ટ્રેટ મોઢું ચડાવીને ફરે ને પેલા પટરાણીએય મોઢું ચઢાવીને ફરે. એ તો મીનિંગલેસ (અર્થહીન) છે ! મેજિસ્ટ્રેટને ઘેર કોઈ વકીલ ગયો હોય તો સમજી જાય.

બુદ્ધિશાળી (સવળી બુદ્ધિવાળા) હંમેશાં શું કરે કે સેફસાઈડ કરે કે અનસેફ કરે ? સેફસાઈડ કરે ને ? આ તો અનસેફ હોય તો સેફસાઈડ કરતા તો આવડતી જ નથી. અને અહીંના લોકોને બુદ્ધિશાળી કહીએ છીએ ને, તે આપણે અહીં આગળ પણ બીજું શું કહેવું એ ખબર નથી. એટલે બુદ્ધિશાળી કહે છે, પણ ખરેખર એ અક્કલવાળા છે.

## (સૂત્ર - ૧૮)

**અક્કલવાળા હોય ને, તેને ત્યાં બધા શાંતિથી ખાય-પીવે. ઓછું હોય તો ઓછું ને ઘણું હોય તો ઘણું. અક્કલ હોય તેને ત્યાં ક્લેશ ના હોય.**

જેમ ઉંમર વધે ને, તેમ એ જાણે કે મારી ભૂલ થાય નહીં ને છોકરાંની ભૂલ બહુ થાય છે. પોતાની ભૂલ બહુ થાય છે, પણ પોતે માને કે પોતાની ભૂલ થાય નહીં, જાણે મેજિસ્ટ્રેટ ના હોય. છોકરો પાછો કહેય ખરો કે તમારામાં અક્કલ નથી. તોય એ મનમાં વિચાર કરે કે આ નાનો છે, સમજણ નથી. અલ્યા મૂઆ, એ કહે છે તો તોલી તો જો ! આપણામાં અક્કલ છે કે નહીં તે તોલવી ! એ કહે તો તોલવી ના જોઈએ કે 'મારામાં અક્કલ નથી', તે લાવ તોલ તો કરવા દે. તો મહીં વિચાર કરે તો ખબર પડે ને કે કશું અક્કલ નથી. અક્કલ હોય તો આવું હોય નહીં. અક્કલ હોય તેને ત્યાં ક્લેશ ના હોય.

અક્કલવાળા પાછા અક્કલના ઈસ્કોતરા કહેવાય. પતંગ ચગાવાય પણ બુદ્ધિ ચગાવાય ? એ તો અક્કલના ઈસ્કોતરા કહેવાય. અહીં ઈન્ટેલિજન્ટ (બુદ્ધિશાળી) આવે છે પણ શાનો ઈન્ટેલિજન્ટ ? અહીં આવે કે વાળીઝૂડીને એની ધૂળ કાઢી નાખું.

છોકરાંનો અહંકાર જાગે, ત્યાર પછી તેને કશું કહેવાય નહીં અને આપણે શું કામ કહીએ ? ઠોકર વાગશે તો શીખશે. છોકરાં પાંચ વર્ષના થાય ત્યાં સુધી કહેવાની છૂટ. અને પાંચથી સોળ વર્ષવાળાને વખતે બે ટપલી મારવીય પડે. પણ વીસ વર્ષનો જુવાન થયા પછી એનું નામેય ન લેવાય, કશું અક્ષરેય બોલાય નહીં. એને બોલવું એ ગુનો કહેવાય.

અમારી પેઠ 'અબુધ' થઈ ગયો તો કામ જ થઈ ગયું. બુદ્ધિ વપરાઈ તો સંસાર ઊભો થયો પાછો. ઘરના કોઈ પૂછે તો જ જવાબ આપવો આપણે અને તે વખતે મનમાં થાય કે 'આ ના પૂછે તો સારું' એવી આપણે બાધા રાખવી. કારણ કે ના પૂછે તો આપણે આ મગજ ચલાવવું ના પડે. એવું છે ને, કે આપણા આ જૂના સંસ્કાર બધા ખલાસ થઈ ગયા છે. આ દુષમકાળ જબરજસ્ત વ્યાપેલો છે, સંસ્કારમાત્ર ખલાસ થઈ ગયા છે. માણસને કોઈને સમજણ પાડતા આવડતી નથી. બાપ છોકરાંને કંઈક કહે તો છોકરો કહેશે, કે 'મારે તમારી સલાહ નથી સાંભળવી.' ત્યારે સલાહ આપનારો કેવો ને લેનારે કેવો ?

'વણમાગી સલાહ આપવી નહીં' એવું અમે લખ્યું છે ખરું ! એટલે કોઈ આપણને પૂછે, તો આપણે સલાહ આપવી અને તે ઘડીએ આપણને ઠીક લાગે એવું આપણે કહી છૂટવું. અને સલાહ આપ્યા પછી આપણે એમ કહીએ કે તમને અનુકૂળ આવે એમ કરજો. અમે તો આ તમને કહી છૂટીએ. એટલે એને પછી કંઈ ખરાબ લાગે એવી વસ્તુ નથી. એટલે આપણે આ જે બધું કરવાનું છે ને એની પાછળ વિનય રાખવાનો છે.

આ કાળમાં ઓછું બોલવું એના જેવું એકેય નથી. આ કાળમાં બોલ પથ્થર જેવા વાગે એવા નીકળે છે, અને દરેકના એવા જ હોય. એટલે બોલવાનું ઓછું કરી નાખવું સારું. કોઈને કશું કહેવા જેવું નથી. ઊલટું, કહેવાથી વધારે બગડે છે. આ તો પોતાનો ખોટો અહંકાર છે. જે દહાડાથી છોકરાં જોડે કચકચ કરવાનું તમે બંધ કરશો, તે દહાડાથી છોકરાં સુધરશે.

આપણે આપણી ફરજ બજાવીએ, બીજું કહેવા જેવું નથી. કહેવાથી ફાયદો નથી, એવું તમને તારણ નીકળે છે ? તમે તમારો આત્મધર્મ શું કરવા ચૂકો છો ? આ છોકરાં જોડેનો તો રિલેટિવ ધર્મ છે. ત્યાં ખોટી માથાકૂટ કરવા જેવી નથી. કકળાટ કરો છો, તેના કરતાં મૌન રહેશો તો વધારે સારું રહેશે. કકળાટથી તો પોતાનું મગજ બગડી જાય ને સામાનું પણ બગડી જાય.

## (સૂત્ર - ૧૯)

**પાયાનો મતભેદ હોય તો મન જુદા પાડી નાખે. એકબીજાની અક્કલ ખોળવા જાય ત્યાં પાયાનો મતભેદ થાય. ત્યાં કાળજી રાખવી પડે.**

**પ્રશ્નકર્તા :** ઘરમાં મતભેદ દૂર કરવા શું કરવું ?

**દાદાશ્રી :** મતભેદ શેના પડે છે એ તપાસ કરવી પહેલી. કોઈ દા'ડો એવો મતભેદ પડે છે કે એક છોકરો ને એક છોડી હોય, તો પછી બે છોકરાં નથી એનો મતભેદ પડે છે ?

**પ્રશ્નકર્તા :** ના, આમ તો નાની નાની વાતમાં મતભેદ થાય.

**દાદાશ્રી :** અરે, આ નાની વાતમાં તો, એ તો ઈગોઈઝમ (અહંકાર) છે. એટલે એ બોલે ને, 'આમ છે', ત્યારે કહેવું, 'બરોબર છે.' એમ કહીએ એટલે પછી કશુંય નહીં પાછું. પણ આપણે ત્યાં આપણી અક્કલ ઊભી કરીએ છીએ. અક્કલે અક્કલ લડે એટલે મતભેદ થાય.

**પ્રશ્નકર્તા :** 'એ બરાબર છે' એવું મોઢેથી બોલવા માટે શું કરવું જોઈએ ? એ બોલાતું નથી, એ અહમ્ કેવી રીતે દૂર કરવો ?

**દાદાશ્રી :** હવે એ બોલાય નહીં પાછું, ખરું કહે છે. એ થોડા દા'ડા પ્રેક્ટિસ લેવી પડે. આ કહું છું ને, એ ઉપાય કરવા માટે થોડા દા'ડા પ્રેક્ટિસ લો ને ! પછી એ ફિટ થઈ જશે, એકદમ નહીં થાય.

**પ્રશ્નકર્તા :** મતભેદ કેમ પડે છે, એનું કારણ શું ?

**દાદાશ્રી :** મતભેદ પડે એટલે પેલો જાણે કે હું અક્કલવાળો અને પેલી જાણે હું અક્કલવાળી ! આ અક્કલના કોથળા આવ્યા ! વેચવા જઈએ તો ચાર આના આવે નહીં. અક્કલના બારદાન કહેવાય છે એને. એના કરતાં આપણે ડાહ્યા થઈ જઈએ, એની અક્કલને આપણે જોયા કરીએ કે ઓહોહો... કેવી અક્કલવાળી છે ! તો એય ટાઢી પડી જાય પછી. પણ આપણેય અક્કલવાળા અને એય અક્કલવાળી, અક્કલ જ જ્યાં લડવા માંડી ત્યાં શું થાય તે ?

અને અક્કલવાળો મેં જોયો નહીં કોઈ જગ્યાએ. એ અક્કલવાળો કોનું નામ કહેવાય કે જે કોઈ દા'ડો કોઈની નકલ ના કરતો હોય એનું નામ અક્કલવાળો. આ તો બધા નકલી લોકો. હું જોઈ જોઈને શીખ્યો, કહેશે. આ બેનોએ નકલ કરીને, કઢી કરતા આવડી, જોઈને શીખી ગયા. આ સાડી કોઈની જોઈને લાવ્યા અને પછી કહેશે, હું અક્કલવાળી !

મેં મારી જિંદગીમાં કદી નકલ નથી કરી, અસલ જ. મને અનુકૂળ આવે એ જ કરું હું. બીજી કોઈની ભાંજગડ નહીં, હું ક્યાં શીખું તમારી પાર્ટીનું ? તમારું ડ્રોઈંગ (ચિત્ર) વાસી હોય ને હું પાછું મારું એ જ ચીતરું તો પાછું મારુંય વાસી થઈ જાય. આ મારે મતભેદ નથી પડતો કોઈની જોડે. કારણ કે મારામાં અક્કલ નહીં ને ! અક્કલના કોથળા બહુ મતભેદ પાડે. અક્કલવાળા વધારે હોય ને, એ બહુ મતભેદ પાડે. તારામાં અક્કલ ખરી કે નથી ?

**પ્રશ્નકર્તા :** ખબર નહીં.

**દાદાશ્રી :** તમારે મતભેદ પડે છે ખરા ને પણ ? માટે અક્કલવાળા છો. આ તો કો'ક દહાડો એવુંય સંભળાવી દે, 'તારામાં પૈણ્યા ત્યારથી અક્કલ ઓછી છે.' અરે, મેલને પૂળો અહીંથી ! અક્કલ ઓછી છે તે જાણે છે, ત્યારે વળી ગા ગા શું કરવા કરે છે વગર કામનો હવે ? તું અક્કલનો કોથળો ! આપણે અક્કલના કોથળા !

આપણે તો એ અક્કલની વાતો કરતી હોય ને, તો આપણે હસવું એટલે એ જાણે કે આ મારી મશ્કરી થવા માંડી એટલે બંધ થઈ જશે પછી. આપણે સામસામી બાઝવું નહીં. 'આમ ખરું છે, તેમ ખરું છે' એ બોલતી હોય ને, એટલે આપણે જાણ્યું કે આ અક્કલ ચાલી હવે. એટલે આપણે હસવું જરાક. એટલે એની મેળે બંધ થઈ જશે, ટાઢું ટપ્પ !

બાકી ઘરમાં મતભેદ ના પડાય. મતભેદ પડે એને માણસ જ કેમ કહેવાય ? મતભેદ ટાળતા ના આવડ્યા તો બુદ્ધિ જ ના કહેવાય ને ! મતભેદ પડે એવી વાત કરતા હોય તો આપણે એને ફેરવી શકાય છે. મતભેદ કેમ પડવા જોઈએ ?

મતભેદ તો બુદ્ધિ અને સમજણથી ભાંગી શકે એમ છે. મતભેદ ટળે એટલી જાગૃતિ તો પ્રકૃતિ ગુણથી પણ આવી શકે છે. મતિ પહોંચતી નથી તેથી મતભેદ થાય છે. મતિ ફુલ પહોંચે તો મતભેદ ના થાય. પણ આ કાળને લઈને અત્યારે બધા ફ્રેક્ચર થઈ ગયેલા છે ને ભટક, ભટક, ભટક કરે છે. કંઈ હેતુ નથી, કંઈ ભાન નથી, કશું જ નથી. એમાં ઘરમાંય કોઈની જોડે સુખ નથી એને અને ઘરવાળાનેય કોઈને સુખ નથી એની જોડે. અને મતભેદ ઘટ્યા નથી. તે કહે છે, 'હું કંઈક પામ્યો !' અલ્યા, મતભેદ ઘટવા જોઈએ, શાંતિ વધવી જોઈએ. કંઈક તો કારણ બનવું જોઈએ. કશું

બન્યું નથી ને મનમાં શુંયે માની બેઠા છે ! જાણ્યું તેનું નામ કહેવાય કે કોઈ જોડે મતભેદ ના પડે.

**પ્રશ્નકર્તા :** જીવનમાં મતભેદ તો હોય ને ? કોઈ માણસ સંપૂર્ણ તો છે જ નહીં ને ?

**દાદાશ્રી :** મતભેદ પડે એનો અર્થ જ શું ? એ સેન્સલેસ ફેલો (મૂરખ માણસ) ! મતભેદ તો એકાદ-બે હોય, આ તો આખો દહાડો મતભેદ પડ્યા કરે ! એ તો સેન્સલેસ ફેલો કહેવાય પછી !

## (સૂત્ર - ૨૦)

**અક્કલવાળો તો 'એવરીવ્હેર એપ્લિકેબલ'વાળો હોય, કૉમનસેન્સવાળો માણસ 'એવરીવ્હેર એડજસ્ટેબલ' હોય. થિઅરેટિકલ એઝ વેલ એઝ પ્રેક્ટિકલ.**

દરેક વ્યક્તિના જીવનમાં અમુક પ્રિન્સિપલ (સિદ્ધાંત) હોવા જ જોઈએ. છતાંય સંજોગો પ્રમાણે વર્તવું જોઈએ. સંજોગોને એડજસ્ટ થાય તેનું નામ માણસ. એડજસ્ટમેન્ટ જો દરેક સંજોગોમાં કરતા આવડે તો, ઠેઠ મોક્ષે પહોંચી શકાય એવું ગજબનું હથિયાર છે.

વ્યવહારમાં રહ્યો એનું નામ કહેવાય કે જે 'એડજસ્ટ એવરીવ્હેર' થયો ! હવે ડેવલપમેન્ટનો જમાનો આવ્યો. મતભેદ ના પાડવા ! પોતે કોઈ જગ્યાએ મુશ્કેલીમાં મૂકાયેલો હોય ત્યારે તે પોતાનું એડજસ્ટમેન્ટ કરી લે તોય સંસાર રૂપાળો લાગે. એડજસ્ટ થવું એ જ ધર્મ છે. એડજસ્ટમેન્ટ તો, તારી જોડે જે જે કોઈ ડિસ્એડજસ્ટ થવા આવે તેને તું એડજસ્ટ થઈ જા. રોજિંદા જીવનમાં જો સાસુ-વહુને કે દેરાણી-જેઠાણીને ડિસ્એડજસ્ટમેન્ટ થતું હોય તો જેને આ સંસાર ઘટમાળમાંથી છૂટવું હોય તેણે એડજસ્ટ થઈ જ જવું જોઈએ. ધણી-ધણીયાણીમાંય જો એક ફાડ ફાડ કરતું હોય તો બીજાએ સાંધી લેવું, તો જ સંબંધ નભશે અને શાંતિ રહેશે. જેને એડજસ્ટમેન્ટ કરતા ન આવડે તેને લોક 'મેન્ટલ' (ગાંડો) કહે છે. આ રિલેટિવ સત્યમાં આગ્રહ, જકની જરાય જરૂર નથી. માણસ તો કોનું નામ ? એવરીવ્હેર એડજસ્ટેબલ ! ચોરની સાથેય એડજસ્ટ થઈ જવું જોઈએ.

અક્કલવાળો તો કોણ કહેવાય ? કોઈનેય દુઃખ ના દે અને જે કોઈ દુઃખ આપે તે જમા કરી લે તે. બધાને ઓબ્લાઈજ (ઉપકાર) કર્યા કરે આખો દહાડો. સવારે ઊઠે ત્યારથી જ એનું લક્ષ લોકોને કેમ કરીને હેલ્પફુલ (મદદરૂપ) થઈ પડું એવું સતત રહ્યા કરે તે માનવ કહેવાય અને તે પછી આગળ ઉપર મોક્ષનો રસ્તો પણ મળી જાય.

સંસારમાં બીજું કશું ના આવડે તેનો વાંધો નથી, પણ એડજસ્ટ થતા તો આવડવું જોઈએ. સામો ડિસ્એડજસ્ટ થયા કરે ને આપણે એડજસ્ટ થયા કરીએ તો સંસારમાં તરી પાર ઊતરી જશો. બીજાને અનુકૂળ થતા આવડે, એને કોઈ દુઃખ જ ન હોય. એડજસ્ટ એવરીવ્હેર.

કૉમનસેન્સવાળો માણસ 'એવરીવ્હેર એડજસ્ટેબલ' હોય. કોઈ ગાળ ભાંડે તેની જોડેય એડજસ્ટ થઈને કહેશે, 'આવો, આવો, બેસો ને ! કશો વાંધો નહીં.' એટલે, કૉમનસેન્સ જોઈશે. અને આ તો 'અક્કલ વગરના છો' એવું કહ્યું કે મોઢું-તોબરો ચઢી જાય. અલ્યા, કૉમનસેન્સ નથી ? તારો તોબરો શું કરવા ચઢી ગયો આમાં ? 'અક્કલવાળો છું' એવું તારી જાતને માની બેઠો છે તું ? જો અક્કલના કોથળા ! આ મોટા અક્કલના બારદાન આવ્યા ! વેચવા જઈએ તો ચાર આનાય ના આવે અને નકામો તડપડ તડપડ કર્યા કરે. અક્કલવાળો તો 'એવરીવ્હેર એપ્લિકેબલ'વાળો હોય. આ કાળમાં તો કૉમનસેન્સની મુશ્કેલી પડી છે. આ કૉમનસેન્સનો અર્થ અમે કહ્યો ને, કે 'એવરીવ્હેર એપ્લિકેબલ, થિઅરેટિકલ એઝ વેલ એઝ પ્રેક્ટિકલ', એ સાંભળીને લોક બહુ ખુશ થાય છે. 'કૉમનસેન્સનો બહુ સુંદર અર્થ કર્યો' કહે છે.

### (સૂત્ર - ૨૧)

**અક્કલ(બુદ્ધિ)નું પાંચ વર્ષ સુધી માને નહીં, તો જતી રહે એ. વિરોધ કરીએ તો જતી રહે.**

આ બધા દાન આપે ને, તે જોઈને મને તો અજાયબી થાય ! હું મારી જાતને માપું કે ના માપું ? હું તો ભલે અત્યારે જ્ઞાની થયો, પણ તે દહાડે કંઈ જ્ઞાની હતો ? અને અત્યારે આપનારા માણસો, એમને જોઉં છું ત્યારે મને અજાયબી લાગે છે કે ઓહોહો ! આ કેવા ને આનું મન કેવું ને મારું મન કેવું ! અને તેય કંઈ ગણતરીમાં આવ્યું નહીં, કામ લાગ્યું નહીં કશુંય ! ઊલટું મુશ્કેલી થઈ એ તો.

આ તો મૂર્ખાઈ જ છે, આ ફૂલિશનેસ છે બધી ! અક્કલ લડાવે, અક્કલ ! અક્કલ ના આપવા દે, બળી !

**પ્રશ્નકર્તા :** એને કાઢવી કેવી રીતે, દૂર કેવી રીતે કરવી એવી અક્કલને ?

**દાદાશ્રી :** એ ના જાય, જાયેય નહીં એ તો.

**પ્રશ્નકર્તા :** પણ તો શું કરવું એમ ? એ અટકણ કર્યા કરે છે, એનું શું કરવું હવે ?

**દાદાશ્રી :** અક્કલનું પાંચ વર્ષ સુધી માને નહીં, તો જતી રહે એ.

**પ્રશ્નકર્તા :** પાંચ વર્ષ ના માને તો ?

**દાદાશ્રી :** હં. એનો અવરોધ કરીએ, વિરોધ કરીએ તો જતી રહે. અમારી જતી રહી, અમારામાં બિલકુલ અક્કલ નથી અત્યારે. હવે અક્કલ જરાયે નહીં.

**પ્રશ્નકર્તા :** દાદા, તે તમારી તો જ્ઞાને કરીને ગઈ ને ?

**દાદાશ્રી :** હા, એ તો જ્ઞાને કરીને જતી રહી.

**પ્રશ્નકર્તા :** દાદા, અમારી તો અક્કલ વધતી જાય છે.

**દાદાશ્રી :** એ તો પછી ધીમે ધીમે ઓછી થઈ જશે.

### (સૂત્ર - ૨૨)

**અક્કલનું યુદ્ધ છે, અક્કલની મારામારી ! એ અક્કલ વગરના થઈ જવું સારું. એ યુદ્ધમાં ક્યાં પડ્યા પાછા ? આપણે તો સરળ છીએ. ફરીથીયે છેતરી જવાનો છે એના કરતા પહેલેથી છેતરી જાય તો સારું.**

આપણા મનમાં દુઃખ ક્યારે થાય ? આપણને મનમાં એમ લાગે કે એ મને બનાવી જાય છે. અરે મૂઆ, એ જ બને છે. એ આપણી ભ્રાંતિ છે એક જાતની કે મને બનાવી જાય છે. એ અક્કલનું યુદ્ધ છે ત્યાં આગળ. એ યુદ્ધમાં ઊતરવું નહીં.

**પ્રશ્નકર્તા :** હા, અક્કલનું યુદ્ધ છે.

**દાદાશ્રી :** હા, એ અક્કલનું યુદ્ધ છે, અક્કલની મારામારી ! એ અક્કલ વગરના થઈ જવું સારું. એ યુદ્ધમાં ક્યાં પડ્યા પાછા ? આપણે તો સરળ છીએ. ફરીથીયે છેતરી જવાનો છે એના કરતા પહેલેથી છેતરી જાય તો સારું.

આ તો જાણીજોઈને, જ્ઞાનમાં રહીને શુદ્ધાત્મભાવે ફરી છેતરાવાનું. ટાઈમ વેસ્ટ નહીં કરવાનો, ફાઈલનો નિકાલ કરવાનો.

**પ્રશ્નકર્તા :** દાદાજી, આપણને કોઈ બનાવ્યા કરતું હોય તો શું કરવું ?

**દાદાશ્રી :** તો બનવું આપણે. એ બનવું બહુ સારું. એના જેવું એકુંય નહીં. મને કોઈ બનાવતો નથી. મને તો બહુ ગમે. હું જાણું કે એની અક્કલનેય ધન્ય છે !

**પ્રશ્નકર્તા :** તમે ભગવાન છો, તમને ક્યાંથી બનાવાય ?

**દાદાશ્રી :** બનાવે એ તો, તોય બનાવે.

**પ્રશ્નકર્તા :** ના બનાવાય.

**દાદાશ્રી :** નથી બન્યો, બનતો નથી પણ એ કોઈક ફેરો કોઈ હોય તો પાછળથી બનાવે, મારી રૂબરૂ ના કરે. બનાવે ખરા પણ ! આ લોકોમાં બધી જાતો છે. આ લોક કશી (કોઈ) જાત વગર ખાલી નથી, બધી જ જાતો.

**પ્રશ્નકર્તા :** દેરાણી-જેઠાણી બનાવી જાય તો શું કરવાનું ? બનાવવા દેવાનું ને ?

**દાદાશ્રી :** મહીં ખુશ થઈ જવાનું આપણે, કે બહુ સારું ! ધનભાગ્ય આપણા કે આપણને બનાવનારી જેઠાણી મળી ! પોતાની જાતને ધનભાગ માનવું.

**પ્રશ્નકર્તા :** બરાબર.

**દાદાશ્રી :** અને આ દુનિયામાં છેતરાવા જેવો મોટામાં મોટો ઉપકાર કોઈ નથી. એ તો બહુ ઊંચામાં ઊંચી વસ્તુ છે. લોક છેતરે એ તો બહુ મોટું, તે દહાડે ગુણ માનવો.

**પ્રશ્નકર્તા :** પછી એ તો દરરોજ છેતર્યા જ કરે આપણને.

**દાદાશ્રી :** પણ છો ને છેતરે ! સારું, છેતર્યા કરે તો.

**પ્રશ્નકર્તા :** અને આપણે હસ્યા કરવાનું.

**દાદાશ્રી :** આપણને ભગવાન તરફ... મોક્ષમાં મોકલી દે એ છેતરનારો.

**પ્રશ્નકર્તા :** એવું છે ?

**દાદાશ્રી :** હા. એટલે તને તો છેતરનાર મળી આવવાના. તને તો મોક્ષમાં મોકલવાના આ લોકો. છેતરનારનો તો ગુણ માનવો આપણે.

## (સૂત્ર - ૨૩)

**આ દુનિયામાં જે છેતરાય, જાણી જોઈને છેતરાય, એના જેવો પાકો આ જગતમાં કોઈ છે નહીં ને જે જાણીબૂઝીને છેતરાયેલા તે વીતરાગ થયેલા.**

વીતરાગ કંઈ કાચી માયા નથી. બધાય કાચા હશે, પણ વીતરાગ જેવા કોઈ પાકા નહીં. એ તો અસલ પાક્કા ! આખી દુનિયાના સૌ અક્કલવાળા એમને શું કહેતા હતા ? ભોળા કહેતા હતા. આ વીતરાગો જન્મેલાને તે એમના ભાઈબંધો એમને કહેતા હતા, કે 'આ તો ભોળા છે, મૂરખ છે.' વીતરાગોને તો કોઈ વટાવી શકશે જ નહીં એવા એ ડાહ્યા હોય. પોતાનો રસ્તો ચૂકે નહીં. એ જાતે છેતરાય ને રસ્તો ના ચૂકે. એ કહેશે, કે 'હું છેતરાઈશ નહીં, તો આ મારે રસ્તે જવા નહીં દે.' તે પેલો શું જાણે કે આ કાચો છે ! અલ્યા, ન હોય એ કાચો, એ તો અસલ પાકો છે !

**પ્રશ્નકર્તા :** છેતરાઈને રસ્તો ના ચૂકે.

**દાદાશ્રી :** એ કહેશે, જો હું છેતરાઈશ નહીં, તો આ મારા રસ્તે જવા નહીં દે. એ કેવા પાકા ! માટે છેતરાઈને પણ એ છે તે પોતાનો રસ્તો ના ચૂકે. પેલો શું જાણે કે આ કાચો મૂઓ છે ! નહોય કાચો, અસલ પાકો !

**પ્રશ્નકર્તા :** આ વીતરાગોની પક્કાઈ તમે આ એક કહી, હવે બીજી કઈ કઈ જગ્યાએ વીતરાગોની પાકાઈ હોય છે ?

**દાદાશ્રી :** પોતાના હોમ ડિપાર્ટમેન્ટ(આત્મ સ્વરૂપ)માંથી બહાર ના નીકળવું એ એમની પાકાઈ ! અને બહારનું જે લૂંટાતું હોય તો લૂંટાવા દે, ત્યાં પાકાઈ નથી. જ્યાં આ લોકોને પાકાઈ છે, ત્યાં એમની પાકાઈ છે નહીં. બહારનું લૂંટાતું હોય તો લૂંટાવા દે, પણ પોતાના ઘર(આત્મા)માં લૂંટાવાનું નહીં. જગતના લોકો પોતાના ઘરનું

લૂંટાવીને બહારનું લૂંટાવા નથી દેતા. શું કરે છે ? એવું તું કહું તો તને મારવા ફરી વળશે. 'અમે અમારા ઘરનું લૂંટાવીએ ? અમે કંઈ ગાંડા છીએ ?' કહેશે. આ શું કહેવા માગે છે એ સમજણ ના પડે ને ! એ પુદ્ગલમાં પાકા એ પાકા જ ના કહેવાય. પુદ્ગલમાં પાકા એ જ કાચા !

માટે જેને હજી પણ વીતરાગ થવું હોય તે જાણીબૂઝીને છેતરાજો, અજાણે તો આખી દુનિયા છેતરાઈ રહી છે. સાધુ, સંન્યાસી, બાવો, બાવલી સહુ કોઈ છેતરાઈ રહેલ છે, પણ જાણીબૂઝીને છેતરાય તે આ વીતરાગો એકલા જ ! નાનપણથી જાણીબૂઝીને ચોગરદમથી છેતરાયા કરે. પોતે જાણીને છેતરાય છતાં ફરી પાછા પેલાને એમ લાગવા ના દે કે તું મને છેતરી ગયો છું, નહીં તો મારી આંખ તું વાંચી જાઉ. એ તો આંખમાં ના વાંચવા દે, આવા વીતરાગો પાકા હોય ! એ જાણે કે આનો પુદ્ગલનો વેપાર છે, તે બિચારાને તો પુદ્ગલ લેવા દો ને ! મારે તો પુદ્ગલ આપી દેવાનું છે ! લોભીયો છે તેને લોભ લેવા દે, માની હોય તેને માન આપીને પણ પોતાનો ઉકેલ લાવે. પોતાનો રસ્તો ના ચૂકવા દે. પોતાનો મૂળમાર્ગ જે પ્રાપ્ત થયો છે એ ચૂકે નહીં, એવા વીતરાગ ડાહ્યા હતા. અને અત્યારે પણ જે એવો માર્ગ પકડશે એના મોક્ષને વાંધો જ શો આવે ? 'જ્ઞાની પુરુષ'નું તો આજે આ ખોળિયું છે ને કાલે આ પરપોટો ફૂટી જશે તો શું કંઈ મોક્ષમાર્ગ રખડી મર્યો છે ? ત્યારે કહે, 'ના, જો આટલી શરતો હશે કે જેને મોક્ષ સિવાય બીજી અન્ય કોઈ પણ જાતની કામના નથી અને જેને પોતે જાણીજોઈને છેતરાવું છે એવા કેટલાક લક્ષણો એના પોતાનામાં હશે ને તો એનો મોક્ષ કોઈ રોકનારો નથી; એમ ને એમ એકલો ને એકલો, જ્ઞાની સિવાય બે અવતારી થઈને એ મોક્ષે ચાલ્યો જશે !'

**(સૂત્ર - ૨૪)**

**વ્યવહારમાં અક્કલ વપરાય એટલે જ્ઞાનમાં ડખલ થયા વગર રહે નહીં. વ્યવહાર તો જ્ઞાનથી, પાંચ આજ્ઞાપૂર્વક કરવાનો છે. અમારે અક્કલ વગર ચાલે છે કે નથી ચાલતું ? સબ ચલતા હૈ.**

આ જ્ઞાન મળ્યું છે તે કો'ક દહાડોય દહાડો વળશે.

**પ્રશ્નકર્તા :** આ 'અક્રમ વિજ્ઞાન' ઈટસેલ્ફ ક્રિયાકારી છે ને ?

**દાદાશ્રી :** એની મેળે જ કામ કર્યા કરે. પોતે જાણીજોઈને આડો થાય તો બગડે.

**પ્રશ્નકર્તા :** એ ક્રિયાકારી થવાનું સ્વાભાવિકપણે થયા કરે ?

**દાદાશ્રી :** આપણે ડખલ ના કરીએ ત્યારે.

**પ્રશ્નકર્તા :** ડખલ કઈ રીતે નાખે છે પોતે ?

**દાદાશ્રી :** પોતાની અક્કલ વાપરે છે મહીં પાછો. જે અક્કલ વેચી દેવા જેવી હતી, તે હજુ રાખી મૂકી. શાથી રાખી મૂકી ? ત્યારે કહે, ભાવ હજુ વધવાના છે, તેથી. તું નથી વાપરતો અક્કલ ?

**પ્રશ્નકર્તા :** અક્કલ શી રીતે વાપરતો હોય ?

**દાદાશ્રી :** આમ કરીએ તો ફાયદો ને આમ કરીએ તો ફાયદો નહીં. એ અક્કલ મહીં વપરાય.

**પ્રશ્નકર્તા :** આ અક્કલ તો વ્યવહારમાં વપરાઈને. અહીં જ્ઞાનમાં કેવી રીતે અક્કલ વપરાય છે ? જ્ઞાનમાં કેવી રીતે ડખલ થાય ?

**દાદાશ્રી :** વ્યવહારમાં અક્કલ વપરાય એટલે જ્ઞાનમાં ડખલ થયા વગર રહે નહીં. વ્યવહાર તો જ્ઞાનથી, પાંચ આજ્ઞાપૂર્વક કરવાનો છે. અમારે અક્કલ વગર ચાલે છે કે નથી ચાલતું ? સબ ચલતા હૈ.

**- જય સચ્ચિદાનંદ**

## આત્મજ્ઞાની પૂજ્યશ્રી દીપકભાઈના આગામી સત્સંગ કાર્યક્રમો

### વલસાડ

**૨ નવેમ્બર** (સોમ) સાંજે ૬-૩૦ થી ૮-૩૦ - **આપ્તપુત્ર સત્સંગ**

**૩ નવેમ્બર** (મંગળ) સાંજે ૫-૩૦ થી ૯ - **જ્ઞાનવિધિ**

**સ્થળ :** શ્રી ઓધવ ભવન, ધરમપુર ચોકડી પાસે, NH 48. **સંપર્ક :** 9274291671

**૩ નવેમ્બર** (મંગળ) સવારે ૧૦-૩૦ થી ૧૨ - **વલસાડ ત્રિમંદિરનું ખાત મુહૂર્ત**

**સ્થળ :** ગુંદલાવ ચોકડી પાસે, નંદવાળા ગામ, NH 48. **સંપર્ક :** 9274291671

### અડાલજ

**૮ નવેમ્બર** (રવિ) - રાત્રે ૮-૩૦ થી ૧૦-૩૦ **દિવાળી** નિમિત્તે વિશેષ ભક્તિ

**૧૦ નવેમ્બર** (મંગળ) - **નૂતન વર્ષ** નિમિત્તે વિશેષ કાર્યક્રમ

**૧૫ નવેમ્બર** (રવિ) સાંજે ૪-૩૦ થી ૮ - **જ્ઞાનવિધિ**

## આણંદમાં પરમ પૂજ્ય દાદા ભગવાનનો ૧૧૯મો જન્મજયંતી મહોત્સવ

| | |
|---|---|
| **૧૯ નવેમ્બર** (ગુરુ) | - સાંજે ૫-૩૦ થી ૭ - **ઉદ્‌ઘાટન સમારંભ (સાંસ્કૃતિક કાર્યક્રમ)** |
| | - સાંજે ૭-૧૫ થી ૮-૧૫ - **સત્સંગ** |
| **૨૦ નવેમ્બર** (શુક્ર) | - સવારે ૧૦ થી ૧૨-૩૦ અને સાંજે ૬ થી ૮-૩૦ - **સત્સંગ** |
| | - સાંજે ૪ થી ૫ - **કિર્તન ભક્તિ** |
| **૨૧ નવેમ્બર** (શનિ) | - સવારે ૧૦ થી ૧૨-૩૦ અને સાંજે ૬ થી ૮-૩૦ - **સત્સંગ** |
| | - સાંજે ૪ થી ૫ - **આપ્તપુત્ર સત્સંગ** |
| **૨૨ નવેમ્બર** (રવિ) | - સવારે ૧૦ થી ૧૨-૩૦ - **સત્સંગ** અને સાંજે ૪-૩૦ થી ૮ - **જ્ઞાનવિધિ** |
| **૨૩ નવેમ્બર** (સોમ) | - સવારે ૮ થી ૯-૩૦ - **જન્મજયંતી નિમિત્તે પૂજન-સંદેશો-આરતી** |
| | - સવારે ૧૦-૩૦ થી ૧ **અને** સાંજે ૫ થી ૬ (પૂજ્યશ્રીના કાર દ્રષ્ટિ દર્શન) |

નોંધ : શિબિરમાં ભાગ લેવા માટે **'Akonnect'** મોબાઈલ એપ પર રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે. વધુ વિગતો માટે આપના સેન્ટર પર અથવા અડાલજના રજિસ્ટ્રેશન નંબર 99243 48880 પર સંપર્ક કરવો.

**સ્થળ :** આણંદ-સોજીત્રા રોડ, મોરડ-વલાસણ કેનાલ પાસે. **સંપર્ક :** 9998339150

---

## પૂજ્ય નીરુમા / પૂજ્ય દીપકભાઈને નિહાળો ટીવી ચેનલ પર

**ભારત**

- **'દૂરદર્શન ગિરનાર'** પર દરરોજ સવારે ૭-૩૦ થી ૮-૩૦, રાત્રે ૯-૩૦ થી ૧૦-૩૦
- **'ધર્મ સંદેશ' ચેનલ** પર દરરોજ સવારે ૨-૫૦ થી ૩-૫૦, બપોરે ૨-૩૦ થી ૩, રાત્રે ૮ થી ૯
- **'સાધના ગોલ્ડ ગુજરાતી'** પર દરરોજ સવારે ૭ થી ૮, રાત્રે ૮ થી ૯
- **'વાલમ'** પર દરરોજ સાંજે ૬ થી ૭ (ફક્ત ગુજરાત રાજ્યમાં)

---

**ત્રિમંદિરોના સંપર્ક : અડાલજ :** 9328661166-77; **રાજકોટ :** 9924343478; **ભુજ :** 9924345588; **ગોધરા :** 9723707738; **મોરબી :** 9924341188; **સુરેન્દ્રનગર :** 9737048322; **અમરેલી :** 9924344460; **વડોદરા :** 9574001557; **અંજાર :** 9924346622; **જામનગર :** 9924343687; **જૂનાગઢ :** 9924344489; **મુંબઈ :** 9323528901; **ભાવનગર :** 9313882288; **અમદાવાદ (દાદા દર્શન) :** 9574001445; **વડોદરા (દાદા મંદિર) :** 9924343335
**U.S.A. Canada:** +1 877-505-3232; **U.K.:** +44 330-111-3232; **Australia :** +61 402179706

## અડાલજ : જન્માષ્ટમી મહોત્સવ : તા.૪ સપ્ટેમ્બર ૨૦૨૬




## અડાલજ : પર્યુષણ પારાયણ : તા.૮ થી ૧૫ સપ્ટેમ્બર ૨૦૨૬



ઓક્ટોબર ૨૦૨૬
વર્ષ-૩૨, અંક-૨
સળંગ અંક-૩૭૪

દાદાવાણી

Date Of Publication 1st of Every Month
RNI No. 67543/95
Reg. no. G-GNR-347 valid up to 31-12-2026
Licensed to Post Without Pre-payment
No. PMG/NG/037/2024-2026
Valid up to 31-12-2026
Posted at Gandhinagar SRO
on 1st of every month.

## ખરો બુદ્ધિશાળી કોને કહેવાય ?

કોઈ પણ માણસનું નુકસાન ના થાય અને પોતાનુંય કિંચિત્‌માત્ર નુકસાન ના કરે, એ બુદ્ધિશાળી કહેવાય. બુદ્ધિશાળી તો કોઈની જોડે ડખો કરીને ના સૂએ. બધે તાળાં વાસીને સૂએ. અને એને વકીલની, ડૉક્ટરની, કોઈનીય જરૂર ના પડે. કોઈ દહાડો કોઈની જોડે મતભેદ ના થાય, ત્યારે સમજીએ કે આપણે બુદ્ધિશાળી છીએ. આ તો મતભેદ થાય એટલે અથડામણ થાય. એનો વ્યવહાર એટલો ઊંચો હોય કે કોઈ પણ માણસને ત્રાસરૂપ ના થઈ પડે. અને કોઈને ત્રાસરૂપ થઈ પડે તો એનોય ઉકેલ લાવે, એ બુદ્ધિશાળી. અક્કલ એ કુદરતી બક્ષિસ છે અને બુદ્ધિ એ જાત અનુભવ છે.

**- દાદાશ્રી**

DBF - Adalaj

માલિક - મહાવિદેહ ફાઉન્ડેશન વતી પ્રકાશક અને મુદ્રક - ડિમ્પલ મહેતાએ અંબા મલ્ટીપ્રિન્ટ, એચ બી કાપડીયા ન્યુ સ્કૂલની સામે છત્રાલ-પ્રતાપપુરા રોડ, મુ. છત્રાલ, તા. કલોલ, જિ. ગાંધીનગર - ૩૮૨૭૨૯ ખાતે છપાવી પ્રકાશિત કર્યું.